ફેબ્રુઆરી ૨૦૨૫ અને
માર્ચ ૨૦૨૫

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



## શ્રી મહાલક્ષ્મી મંદિર, પેથાપુર, ગાંધીનગર

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

V.M.B.
Estd. 1995

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ,
અમદાવાદ સંચાલિત



# વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ,
ડીગ્રીધારક, મેડીકલ, એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના,
વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

**અપરણિત, છૂટાછેડા, વિધવા, વિધુર, સિનીયર સીટીઝન સફેદદાગ, વિકલાંગ, શારીરિક ક્ષતિ, મુકબધિર, પ્રજ્ઞાચક્ષુ એચ.આઈ.વી., એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી પાત્રોની આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય ત્યાં સુધી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.**

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**

**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

Website : http://www.vidhatamarraige.com
Email : contact@vidhatamarriage.com

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર

श्री महालक्ष्म्यै नमः उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૫** | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી કમલેશભાઈ પાઠક**

મો. 94265 11472

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**

મો. 9824358297

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી જયંતભાઈ જોશી

શ્રી વિપુલભાઈ વી. દવે

શ્રી હેતલકુમાર શુક્લ

શ્રી ધ્રુવ શુક્લ

શ્રી કૃતાર્થ જોષી

શ્રી દિગિશ દવે

### અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | વિધાતા મેરેજ બ્યુરો - જાહેરાત | | ૦૨ |
| ૨. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૪ |
| ૩. | સહયોગ અપીલ | તંત્રીશ્રી | ૦૫ |
| ૪. | હીરકભાઈ ધ્રુવકુમાર જોશી શુભેચ્છા સંદેશા | | ૦૬ |
| ૫. | ભીમનાથ મહાદેવ, સાવલી | તંત્રીશ્રી | ૦૭ |
| ૬. | કે.જે. આઈ.ટી. જાહેરાત | | ૦૯ |
| ૭. | શ્રી માંઈ મંદિર, નડિયાદ | હરેશ પંડ્યા | ૧૦ |
| ૮. | પારાના શિવલિંગ ધરાવતું પારદેશ્વર મહાદેવ | તંત્રીશ્રી | ૧૨ |
| ૯. | સિદ્ધનાથ મહાદેવ મંદિર - કાલોલ | સૌ. ઉપાધ્યાય પરિવાર | ૧૩ |
| ૧૦. | પંચમહાલ મહીસાગર - કરવા જેવો પ્રવાસ | દેવાંગ દવે | ૧૪ |
| ૧૧. | ઉડાન સ્કૂલ જાહેરાત | | ૧૬-૧૭ |
| ૧૨. | સદાશિવ આયુર્વેદિક ક્લિનીક | | ૧૮ |
| ૧૩. | સિદ્ધિ સોપાન | | ૧૯ |
| ૧૪. | Emerald Developers | | ૨૭ |
| ૧૫. | Tropical Solar Energy | | ૨૮ |
| ૧૬. | સમાચાર સંચય | | ૨૯ |
| ૧૭. | ઓમ મેડીકલ સ્ટોર્સ-જાહેરાત | | ૩૦ |
| ૧૮. | જોશી ચશ્મવાલા-જાહેરાત | | ૩૩ |
| ૧૯. | સાહિત્ય વિભાગ | | ૩૪ |
| ૨૦. | કાશીબા આયુર્વેદિક હોસ્પટિલ-સાવલી જાહેરાત | | ૪૧ |
| ૨૧. | અનુકંપા | તંત્રીશ્રી | ૪૨ |
| ૨૨. | શિવમ પાર્ટી પ્લોટ, શ્રી વિદ્યામંદિર વિદ્યાલય-જાહેરાત | | ૪૩ |
| ૨૩. | ડોનાલ્ડ કીડ્સ, મલ્હાર સ્પોર્ટ એકેડેમી-જાહેરાત | | ૪૪ |
| ૨૪. | જીવન નિર્વાહ અન્ન સહાય યોજના | | ૪૫ |
| ૨૫. | ખુશીનું વૈદ | | ૪૭ |
| ૨૬. | આશ્ચર્યમ્ | દિગીશ દવે | ૪૮ |
| ૨૭. | સમસ્ત શ્રીગૌડ જીવનસાફી વોટ્સએપ ગ્રુપ | | ૫૦ |
| ૨૮. | સમસ્ત શ્રીગૌડ સમાજ ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી | | ૫૧ |
| ૨૯. | ઓડિટેડ હિસાબ વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ | | ૫૨ |
| ૩૦. | શ્રદ્ધાંજલિ મંદાકિનીબેન ગિરીશચંદ્ર શુક્લ | | ૫૪ |
| ૩૧. | અવસાન નોંધ | | ૫૫ |
| ૩૨. | શ્રીગૌડ સાડત્રીસ સમાજ | જીજ્ઞેશ પંડિત | ૫૬ |
| ૩૩. | શ્રી પંચગ્રામ શ્રીગૌડ મહાલક્ષ્મી માતા ટ્રસ્ટ, મહુધા | | ૫૭ |
| ૩૪. | માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૫૬ |



વહાલા શ્રીબંધુ મિત્રો,

બે માસ પછી ફરી આપણી ગોષ્ઠિ ચાલુ થઇ. તમે મજામાં હશો. હું પણ અફલાતૂન.

માર્ચ માસનો અંક તમારી સામે રજુ કરતાં આનંદ અનુભવું છું. આપણા કુળદેવતા મહાદેવજીના લેખો એમાં કેન્દ્ર સ્થાને છે. આ અંકમા સિધ્ધિ સોપાનો વધારે આવેલા છે જે જ્ઞાતિ ગૌરવની વાત છે. જાગૃત્તિમાં પોતાની કૃતિ મૂકનાર જ્ઞાતિના સાહિત્યરસિકો એટલા જ્ઞાની અને શિસ્તબદ્ધ છે કે કોઇ દિવસ એમની સાહિત્ય રચનાઓ માટે ફોન નથી કરવા પડયાં.

મિત્રો, સમય બદલાઇ ગયો છે. જ્ઞાન સભર માહિતીઓ હોય તો સૌને રસ પડે. ફોટાઓ હોય એટલે ચોક્કસતા આવે. હું બની શકે એટલું આ બાબત સામે રાખી અને જાગૃતિ અંક બનાવું છું. દરેક અંકમા તમે એની નોંધ લેતાં હશો.

મિત્રો, હાલના સંજોગોમાં આર્થિક અસમાનતા દરેક જ્ઞાતિમાં દેખાય છે. આપણી જ્ઞાતિમાં આવી આર્થિક તકલીફો સહન કરનારા કુટુંબો પણ છે જે અમારા શ્રી સેવકોએ શોધી કાઢયાં છે. એમની તકલીફો ઘણી છે. સમાજના શ્રી સહયોગ થકી આવા કુટુંબોને અન્નસહાય કિટ આપવામાં આવે છે એ નોંધનીય બાબત છે.

મિત્રો, બિનજરૂરી સહયોગ પ્રાપ્ત કરવાનું કોને ગમે ? કોઇવાર સહયોગ માટે જો અપીલ કરવામાં આવે તો એમાં નખશીખ શુધ્ધતા સાથે કરેલો પ્રયત્ન ગણશો. હું કે કોઇપણ શ્રી સેવક અપીલ કરીએ તો ચોક્કસ સાચું કારણ હશે એમ ગણશો.

મિત્રો, આવો વર્ગ સતત તમારા ધ્યાનમાં એક પુજા સ્વરૂપે રહે એવી મારી અંતરની ઈચ્છા છે. આવા વર્ગને મદદ કરવા અમારી શ્રીસેવકોની ટીમ તૈયાર રહે છે.

આપ સર્વે કોઇને કોઇ બહાને સમાજને ખાસ આવા વર્ગ માટે સહયોગ આપતાં રહેશો. સત્કર્મની નોંધ તો દરેક જગ્યાએ લેવાતી જ હોય છે. મિત્રો, હવે પછી જુન અંકમાં સ્કુલ પરિણામો આવી ગયાં હશે.તમે તાત્કાલિક એ પરિણામો અમને પહોંચતા કરશો. જે આપણે સિધ્ધિ સોપાનમાં રજુ કરીશું.

મિત્રો, વેકેશનમાં હિલ સ્ટેશનમાં ફરવા કે ચારધામ યાત્રાએ જાવ તો ખાસ કાળજી લેશો. હેલ્થ ચેકઅપ કરાવી અને સંપૂર્ણ ડાયેટ પર ધ્યાન રાખી પર્યટન સફળ બનાવશો. ફરી આપણે જુન માસમાં ભેગાં થઇશું, ત્યાં સુધી તમે મને યાદ કરશો અને હું તમને યાદ કરીશ. ધન્યવાદ.

- રાજેશ પંડ્યા - રાજ, તંત્રીશ્રી,

આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**
એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com
Website - https://samastshreegaudsamajgujarat.org
Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/
**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સહયોગ અપીલ

પ્રિય શ્રી બંધુ મિત્રો,

મિત્રો, જાગૃતિ ફંડ, અન્નસહાય ફંડ, શિક્ષણફંડ માટે હંમેશા આપના મનથી આર્થિક સહયોગની જરૂર પડે. મારા અને પ્રમુખ શ્રી સહિત તમામ કાર્યકારી સભ્યો શ્રી સેવકોની ભૂમિકા જ નિભાવીએ છીએ. સમાજને ઉચ્ચતા તરફ લઈ જવા અમે સતત પ્રયત્નશીલ છીએ. આપ એક શ્રી કુટુંબના સભ્યો જ છો એ સમજી જેમ અમે મહેનત  કરીએ છીએ એમ આપ સર્વે અમારી સાથે શ્રી સહયોગ આપશો એવી એક જરૂરિયાત છે. આ જાગૃતિ જેની પાસે વાંચવા માટે આવે એ આ બાબતે થોડી અનુકંપા રાખી ઉચ્ચ સહયોગ પ્રદાન કરશો.

આ સાથે સમાજનો QR કોડ મોકલાવું છું. એનો screen શોટ મને મોકલી શકો છો. એનો હિસાબ મળી રહે એ માટે જરૂરી ગણાય.

- રાજેશ પંડ્યા " રાજ " - તંત્રી શ્રી

મો. ૯૪૨૮૬૦૪૧૧૯



સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને
હીરકભાઈ ધ્રુવકુમાર જોશી
તરફથી શ્રીગૌડ જાગૃતિ અંક
નિયમિત પ્રસિદ્ધ કરવા બદલ
અભિનંદન સહ ધન્યવાદ.

**હીરકભાઈ ધ્રુવકુમાર જોશી**

Director,
OPJ Chem Pvt.Ltd.
G.I.D.C. Dahej,
Dist.Bharuch.

# ભીમનાથ મહાદેવ, સાવલી



વડોદરા પાસે આવેલ સાવલી, ભીમનાથ મહાદેવ અને સ્વામીજી થી લોકજીભે ઓળખાય છે.

ભીમનાથ મહાદેવ લગભગ છસ્સો વરસ જેટલું પૌરાણિક મંદિર તરીકે જાણીતું છે. આજથી બસ્સો વરસ પહેલાં નાથ સંપ્રદાયના શ્રી ગહેનીનાથ એટલે શ્રી ગેબીનાથદાદા એ આ ક્ષેત્રને તપોભૂમિ બનાવી. દાદા સિધ્ધહસ્ત સંત હતા. દાદાના એક ગેબી આદેશનું પાલન કરવા પુજય સ્વામીજી એ કલકત્તાથી તારીખ ૭-૯-૧૯૫૯ ના શુભ દિવસે,ઋષિ પંચમીના દિવસે સાવલી ભીમનાથ મંદિરે આગમન કર્યું. સૌ પ્રથમ તો કાંટાળી વનસ્પતિઓ દુર કરી સફાઇ શરૂ કર્યુ, મંદિર વિકાસ માટે રૂપરેખા તૈયાર કરી, ગેબીનાથદાદાની પ્રેરણા મુજબ મંદિર વિકાસ શરૂ કર્યો. થોડા જ વરસોમાં અનેક સેવાભાવીઓના સહયોગ થકી સુંદર મંદિરનું નિર્માણ થયું. અનેક ભક્તજનો સ્વામીજીના ચમત્કાર નો અનુભવ થતાં સ્વૈચ્છિક જ સહયોગ અને સહકાર આપવા લાગ્યાં. તીર્થક્ષેત્ર બને એટલે સ્વાભાવિક છે કે સગવડો વધારવી પડે. મંદિરનો વિકાસ આ સ્વરૂપે વધતો ગયો. સ્વામીજી ચમત્કારિક શક્તિ ધરાવતા હતા, એમના ગુરૂ ગેબીનાથદાદાની એમની ઉપર હાજરાહજૂર કૃપા હતી, સ્વામીજીએ પોતાની તમામ શક્તિનો ઉપયોગ કરી આધુનિક મંદિર નિર્માણ મોટા પાયે શરૂ કર્યું.

સ્વામીજી તારીખ ૭-૯-૧૯૯૧ ના રોજ નાસિક ખાતે યોજાયેલા અર્ધકુંભમેળામાંથી પરત આવતા એક મોટર અકસ્માતમાં અવસાન પામ્યાં પણ એમની પરમ કૃપા એવી હતી કે આજ દિન સુધી મંદિર વિકાસ કામ ચાલુ રહ્યું છે,લોકોની શ્રધ્ધા વધતી જ ગઇ સાથે મંદિરની ભવ્ય પ્રતિષ્ઠા વધતી રહી છે.

ગેબીનાથદાદા જે જગ્યાએ તપ કરતાં હતાં અને સાથે સ્વામીજી હોય એવા બે સમાધિ સ્થળો બાંધવામાં આવ્યાં, પાસે જ પૌરાણિક શંકર મંદિર, હનુમાનજી મંદિર, સ્વામીજીની પાદુકાઓ વગેરે નિર્માણ કાર્ય સુંદર રીતે ચાલુ જ રહ્યું.

એક લાખ યાત્રીઓનો સમાવેશ થઇ શકે એવું  તીર્થયાત્રી ભવન, ભોજન શાળાઓનું નિર્માણ થયું. મોટાપાયે વિષ્ણુ યાગ,લઘુરુદ્ર વગેરે થઇ શકે એવી મોટી યજ્ઞશાળાનું નિર્માણ થયું. બાગ/બગીચા અને આસપાસ પવિત્રતા ટકી રહે એ ચીવટ સાથે ફુલ-છોડ,ઘટાદાર વૃક્ષો અને એક તીર્થ ક્ષેત્રમાં હોય એ તમામ સુવિધાઓ વિકસાવવામાં આવી.

ગુરુપૂર્ણિમા, મહાશિવરાત્રી, દરેક અમાસ, દરેક પુનમે અહીં ભંડારા થાય છે, અનેક શ્રધ્ધાળુ ભક્તજનો દર્શન સાથે હરિહરનો આનંદ મેળવે છે.

કોઇવાર જો કોઇ કામથી અટવાઇ ગયાં હોવ તો આ ભીમનાથ મહાદેવ,સાવલી તીર્થક્ષેત્રની અચૂક મુલાકાત લેશો બની શકે કે બે જીવંત આત્માઓની સમાધિના આશીર્વાદ થકી તમારા કામ સહેલાઈથી પૂરા થઇ જાય. અસ્તુ

-તંત્રીશ્રી


ભેટપેટી













## એન્જિનિયરીંગ અભ્યાસ માટે શ્રેષ્ઠ વિકલ્પ (સાવલી) વડોદરામાં

# K.J. INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY

## Savli, Dist. Vadodara

(Approved by AICTE, Affiliated to Gujarat Technological University)




વાર્ષિક ૮ લાખથી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ માટે

**100% Scholarship (NO FEES)**



## Diploma (Polytechnic) – Degree Engineering College

**SSC ધો. ૧૦ પછી**
**૩ વર્ષનો ડીપ્લોમા**

**HSC ધો. ૧૨ પછી**
**૪ વર્ષનો B.E. એન્જીનીયરીંગ કોર્સ**

- Computer
- I.T.
- E.C.
- Mechanical
- Electrical
- Civil
- Automobile

**સફળતાપૂર્વક અભ્યાસ પછી ૧૦૦% ગેરંટીડ પ્લેસમેન્ટ અથવા પુરી ફી પાછી.**

- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલની સવલત
- વડોદરા શહેરના વિવિધ સ્થળોએથી કૉલેજ બસની સુવિધા

K. J. Campus, Opp. I.T.I., Savli - 391770, Dist. Vadodara. | Ph. : (02667) 222264 ☎ : 8980314190

VADODARA ADMISSION HELP CENTRE :

C-212, Manubhai Tower, Near Havmor Restaurant, Sayajigunj, Vadodara. | ☎ : (0265) 2222 900 www.kjit.org

# ગુજરાતમાં આવેલ એક અદ્ભુત મંદિર.
# શ્રી માઈ મંદિર, નડીઆદ.



લેખન - હરેશભાઈ પંડ્યા, નડીઆદ

આપણે રેલગાડીમાં પ્રવાસ કરતાં હોઈએ ત્યારે નડિયાદના રેલવે સ્ટેશને ગાડી ઉભી રહેતાં જ થોડેક દૂર આવેલા ઉત્તુંગ શિખરો ધરાવતા એક ચિત્તાકર્ષક ભવ્યાતિભવ્ય મંદિર તરફ આપણી દ્રષ્ટિ આપોઆપ જતી રહે છે.

ભારતીય શિલ્પકલાનો તેમજ સ્થાપત્યનો ઉત્તમ અને નોંધનીય નમૂનો ગણી શકાય તેવું આ મંદિર માઈધર્મ આદ્યપીઠસ્થાન તરીકે ગુજરાત અને ભારતભરમાં જાણીતું છે. મંદિરની સ્થાપત્ય કલામાં ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની સ્થાપત્ય કલાનો અતિસુંદર સમન્વય કરેલ હોવાથી તે મનોરમ્ય લાગે છે.

વિગતે જોઈએ તો શ્રી આદ્ય માઈ જગદગુરુ પ.પૂ.૧૦૦૮ શ્રી કનિષ્ઠ કેશવ મહારાજશ્રી સ્થાપિત આ મંદિર લોકહૃદયમાં કેશવ ભવાની મંદિર કે માઈમંદિરના હુલામણા નામથી પણ જાણીતું છે.

આ માઈમંદિરની સ્થાપના વિક્રમ સંવત ૧૯૯૭માં આસો માસની પૂર્ણિમાના પાવન દિવસે થયેલ છે.


ચાલો, આપણે આ માઈ મંદિરમાં દર્શન કરવા માટે પ્રવેશ કરીએ.

મંદિરના પ્રવેશદ્વાર પાસે ઉભેલા બે વિશાળકાય હાથી આપણું સ્વાગત કરવા માટે ઉત્સુક જણાય છે. ત્યાંથી પરિસરમાં આગળ વધતાં માઈ મંદિરનું પ્રવેશદ્વાર આવે છે. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ જગતજનની માતાજીનું મુખ્ય મંદિર આવે છે જે શ્રી માઈ મોક્ષધામ તરીકે ઓળખાય છે.જે ૧૩૫ ફૂટની ઊંચાઈ ધરાવે છે. શ્રી માઈ મંદિરમાં શ્રી આદ્ય માઈ જગદગુરુદેવ પ.પૂ.શ્રી કનિષ્ઠ કેશવ મહારાજશ્રીએ પોતાના વંશપરંપરાગત શ્રી ત્રિગુણાત્મિકા માઈના કાલી - અંબા - બાલા. સ્વરૂપોની સ્થાપના સ્વહસ્તે કરેલ છે. મા ના મંગલમય સ્વરૂપોના દર્શન આપણને ભાવવિભોર કરી દે છે.

મા ના ગર્ભગૃહના પ્રવેશદ્વાર પાસે વિશ્વનું સર્વપ્રથમ ગણાતું ૬૧ ઈંચ ( પાંચ ફૂટ ) ની ઊંચાઈ ધરાવતું ૨૬૧ કીલો ચાંદીથી નિર્માણ પામેલ મહા શ્રીયંત્ર ની સ્થાપના કરવામાં આવી છે.જેના ભવ્યાતિભવ્ય દર્શન થાય છે.આ મહા શ્રીયંત્રની રચના ખૂબ જ શાસ્ત્રોક્ત રીતે થયેલ છે.જેમાં નીચે સોળ હાથીઓ, તેની ઉપર કમળપત્ર અને કમળપત્રના ઉપર શ્રી સુક્તમ્ માં બતાવ્યાં અનુસારની સોળ સ્વરૂપોની પ્રતિમાઓ આવેલ છે. આમ આ શ્રીયંત્ર ખુબ જ અદ્ભુત છે. મંદિરની દિવાલો પર આરસની તકતીઓમાં શ્રી ચંડીપાઠનું સંપૂર્ણ આલેખન થયેલ છે.

પ.પૂ.શ્રી કનિષ્ઠ કેશવ મહારાજશ્રીના ઉત્તરાધિકારી તરીકે બિરાજેલ પ.પૂ.આચાર્યશ્રી ભગવતીપ્રસાદ મહારાજશ્રીએ આ અદ્યતન માઈ મંદિરનું નિર્માણ કરાવેલ છે.આ મંદિરને ૧૦૮ શિખર કળશ છે.

મુખ્ય મંદિરની સામે જ " ગુરૂ મંદિર " આવેલ છે જેમાં શ્રી માઈધર્મના આદ્ય સ્થાપક શ્રી આદ્ય માઈ જગદગુરુદેવ પ.પૂ.૧૦૦૮ શ્રી કનિષ્ઠ કેશવ મહારાજશ્રીની આબેહૂબ જીવંત જણાતી પ્રતિમા તથા



ચરણપાદુકાઓના દર્શન થાય છે.નીચે આવેલ ઉપાસના ગૃહમાં માં કેશવ ભવાની બિરાજમાન છે.

માઈ મંદિરની બહાર તરફ જતાં શ્રી કેશવ ભવાની ભાગવત ધામ દેખાય છે.વિશ્વનુ આ સર્વપ્રથમ સ્થાન છે કે જ્યાં શ્રીમદ્ દેવી ભાગવતના અઢાર હજાર શ્લોકોનું આરસની તકતીઓમાં લેખન કરેલું જોવા મળે છે.આ ભાગવત ધામમાં એકાદશી રૂદ્ર, પશુપતિનાથ, બાલમુકુન્દ,શ્રી મહાકાળી, શ્રી મહાલક્ષ્મી, શ્રી મહાસરસ્વતી, શ્રી અન્નપૂર્ણા મા શ્રી મહિષમર્દિની ની સાથે ૧૦૮ દેવીઓ,૬૪ યોગિની તેમજ એકાવન શક્તિપીઠોના દર્શન થાય છે.

માઈ મંદિરની બાજુમાં જ શિવ કલ્યાણ ધામ આવેલું છે. ૭૩ ફૂટની ઉંચાઈ ધરાવતું ભગવાન શિવજીની મૂર્તિ સ્વરૂપે બનેલ આ શિવ કલ્યાણ ધામ વિશ્વનું સર્વપ્રથમ મંદિર ગણાય છે.તેમા દ્વાદશ જ્યોતિર્લિંગ બિરાજમાન છે.જેનો  પાટોત્સવ મહાશિવરાત્રી ના રોજ મનાવાય છે.

ગુજરાતમાં આવેલ આ અદ્ભુત શ્રી માઈધર્મ આદ્ય પીઠસ્થાનની મુલાકાત ભક્તિસભર બની રહે છે.જ્યા દૈવી ચેતનાનો દિવ્ય પ્રવાહ અહર્નિશ આપણને સ્પર્શે છે.












# પારાના શિવલિંગ ધરાવતું પારદેશ્વર મહાદેવ, વહેલાલ




દહેગામ નજીક, વહેલાલ ગામે પારાના શિવલિંગ ધરાવતાં પારદેશ્વર મહાદેવ આવેલ છે. પારદેશ્વર મહાદેવનું શિવલિંગ ૧૨૫૧ કિલો પારામાંથી બનાવવામાં આવેલ છે. પારો બાંધવો એ ખરેખર મુશ્કેલ કામ છે પણ અહીં પારાનું શિવલિંગ બનાવવામાં આવ્યું છે. મંદિરની વિશેષતા એ છે કે ગુજરાતમાં ભયંકર ભૂકંપ તા. ૨૬-૦૧-૨૦૦૧માં આવ્યો તે દિવસે આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા રાખવામાં આવી હતી. મા અનંતાનંદજી અહીંના સંસ્થાપક છે. તેમના દ્વારા શિવપૂજા સહિત એક આર્યુવેદિક સંસ્થા ચલાવવામાં આવે છે. શ્રાવણ માસમાં અને અન્ય તહેવારોએ ભક્ત જનોની મોટી ભીડ જોવા મળે છે. પુરાણોમાં પણ ઉલ્લેખ કરેલ છે કે પારાના શિવલિંગના દર્શન માત્રથી વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. કોઈ વાર આ અદ્‌ભુત મંદિરની અચૂક મુલાકાત લેવા જેવી છે.

-તંત્રીશ્રી







# પંચમહાલ જિલ્લામાં આવેલ સિદ્ધનાથ મહાદેવ મંદિર - કાલોલ

પંચમહાલ જિલ્લામાં આવેલ કાલોલ નગર શ્રીગૌડ સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતું નગર છે. અહીં આવેલ સિદ્ધનાથ મહાદેવ વિષે આજે આપણે વાત કરીશું.

વજેરામ જાની, ઔદિચ્ય ટોળક બ્રાહ્મણ, શાંડિલ્ય ગોત્ર, યુર્જવેદીએ કાલોલને પોતાની કર્મભૂમિ બનાવી. તેઓ પોતે ખેતી કરતા અને તેમની જમીન કાતોલ ગામની સીમમાં હતી. એક દિવસ તેમના પુત્ર આદિત્યરામ જાની હળ ચલાવતાં ચલાવતાં ખેતરની મધ્યમાં હળ આવી અટકી જતું. આમ અનેકવાર થતાં ખેતરની મધ્યમાં જે જગ્યાએ હળ અટકી જતું ત્યાં ખોદકામ કરતાં જમીનમાંથી પત્થર સ્વરૂપે શિવલિંગ નીકળ્યું. શિવલિંગને કાલોલ ખાતે પોતાના સ્વગૃહે દેવસ્થાનમાં મૂકી નિત્ય પૂજા અર્ચન કરતા હતા. એક દિવસ તેઓ સેવાપૂજા કરતા હતાં તે સમયે એકા એક જ શિવલિંગમાંથી અવાજ આવ્યો કે હું સિદ્ધનાથ બોલું છું અને મને અહીંથી નદી કિનારે લઈ જઈ મારી સ્થાપના કર. આદેશનું પાલન આદિત્યરામે તરત  જ કર્યું. અને તે મુજબ હાલ જે મંદિર છે જે સિદ્ધનાથ મહાદેવ મંદિર - કાલોલ નામથી પ્રચલિત બન્યું. તે બાદ વિક્રમ સંવત ૧૮૪૮ શાલીવાહન શાકે ૧૭૧૪ શ્રાવણ સુદ બીજના રોજ શ્રી સિદ્ધનાથ મહાદેવની સ્થાપના થઈ. એક ધર્મશાળા બનાવવામાં આવી. આ મંદિરને સેવક શ્રી રા. જાની આદીત્યરામ વજેરામ ઐદિચ્ય ટોળક બ્રાહ્મણ, ટોળકિયા શ્રી સૂર્યનારાયણ સમક્ષ કૃષ્ણાર્પણ કરેલ છે.

આ મંદિરનું બાંધકામ હાલ ચાલુ છે, ટૂંક સમયમાં ભવ્ય મંદિરનું નિર્માણ થશે.

-સૌજન્ય : ઉપાધ્યાય પરિવાર, કાલોલ





# પંચમહાલ મહીસાગર જિલ્લામાં આવેલા ઐતિહાસિક મંદીરોની યાત્રા અને સુંદર ઐતિહાસિક સ્થળોનો કરવા જેવો પ્રવાસ.

- દેવાંગ દવે



અમદાવાદથી નગરથી નેશનલ હાઈવે નંબર ૪૭ પર કઠલાલથી આગળ નર્મદા કેનાલ પછી લસુન્દ્રા ગરમ પાણીનાં ઝરા એક ખાસ જોવા લાયક સ્થળ છે.

ત્યાંથી આગળ જતાં બાલાસિનોર પાસે દેવ ચોકડી પહેલાં રૈયોલી ગામ જવાનો રસ્તો આવે છે ત્યાંથી પાંચેક કિલોમીટર અંદર જતાં નર્મદાસોરસ ડાયનાસોરના અસ્થિ અવશેષ ઈતિહાસ જાળવી રાખતું પ્રદર્શન ઘર જે ગુજરાત સરકાર દ્વારા બનાવાયેલું છે તે નાના બાળકોને ખાસ અને યુવાનો મોટેરાઓએ પણ જોવા જેવું છે. સાથે સાથે પાંચેય ઈન્દ્રિયોને આનંદ કરાવતા 5D થિયેટરમાં ડાયનાસોરને લગતી ફિલ્મ જોવાનો અવર્ણનીય અનુભવ કરવા જેવો છે.


અમદાવાદથી ફકત ૧૧૦ અને વડોદરા શહેર થી ફકત ૧૨૫ કિલોમીટર દુર ધામોદ ગામ પાસે આવેલા ઐતિહાસિક પૌરાણિક કેદારેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લેવા જેવી છે. અમદાવાદથી અહિયાં બે રસ્તે આવી શકાય છે. એક રસ્તો વાયા કઠલાલ ટોલ ટેક્સ ચુકવીને બાલાસિનોર દેવ ચોકડી ધોળી ડુંગરી લાલસર ચોકડીથી અને બીજો રસ્તો વાયા દહેગામ, બાયડ, સાઠંબા થઈ ને ટોલ ફ્રી જઈ શકાય છે. આ રસ્તો ભીડભાડ વગરનો છે પણ સાઠંબાથી થોડો રસ્તો ખરાબ છે. મુખ્ય રસ્તાથી કેદારેશ્વર મહાદેવ જવાનો રસ્તો સુંદર પણ નાનો છે તેથી સાવચેતી પૂર્વક કાર ચલાવવાની સલાહ છે. પુજારીજીના કહેવા પ્રમાણે કેદારેશ્વર મંદિર લગભગ ૧૧૦૦ વર્ષ જુનું છે. મંદીરમાં આશ્ચર્યની લાગણી અનુભવાય છે કેમ કે જુની અને નવી એમ બબ્બેની જોડીમાં નંદી, ગણપતિ દાદા, હનુમાનજી અને માતાજીની મૂર્તિઓ સ્થાપેલી છે. મંદિરના જીર્ણોદ્ધાર સમયે જુની મૂર્તિઓ હટાવતા તેમાંથી રક્ત ધારાઓ વહી હતી તેથી જુની મૂર્તિઓ હટાવવાનું અટકાવી દેવામાં આવ્યું હતું અને તેની સાથે જ નવી મૂર્તિઓ સ્થાપેલી છે. મંદિર ખાસી એવી જીવંત અનુભુતિ ધરાવે છે અને અહિયાં માંગેલ માનતાઓ જરૂરથી પરિપૂર્ણ થાય છે તેવો ભાવિક ભક્તોનો અનુભવ છે. બાજુમાં જ શેઢી નદી વહે છે. જંગલ તરફ ત્રણેક કિલોમીટર દુર નદીનું મુખ આવેલુ છે અને ત્યાં સુધી જવાનો રસ્તો ખુબ જ સુંદર, મનમોહક અને થોડો ડરામણો પણ છે. રસ્તામાં બે સ્મશાન આવે છે. ડરની લાગણી હટાવી દો તો આગળ સુંદર નિર્મળ ચોખ્ખા પાણીનું ઝરણું, કૂદરતી ઠંડી ઓક્સિજન વાળી હવા, પગદંડી અને ફોટોગ્રાફી કરવા માટે સરસ સ્થળ માણી શકાય છે. ત્યાંથી જ ડુંગર પર લાલિયા લુહારના કિલ્લાના અવશેષ જોવા જવાનો ખડકાળ ડુંગરાળ રસ્તો જેને રસ્તો ના કહી શકાય કેમ કે જાતે મહેનત કરીને ટ્રેકિંગ કરવા આવ્યા હોઈએ તેમ મુશ્કેલ ચઢાણ ચઢીને ટોચ પર જો પહોંચીએ તો આજુબાજુનાં મોટાં વિસ્તારનું ખુબ જ સુંદર દૃશ્ય મન ભરીને જોઈ શકાય છે. આ સ્થાન લાલિયા લુહારની મુસ્લિમ લૂંટારૂઓ જોડે લડેલા યુદ્ધની યાદગીરી સંઘરીને બેઠુ છે. અહિયાં મોબાઈલ કનેકશન અપ્રાપ્ય છે તેથી નવી પેઢીને અસુખ થઈ શકે છે પણ ભોમિયા વિના અને મોબાઈલ વગર ટ્રેકિંગના આનંદનું સુખ માણવા જેવું છે. કેદારેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત ભક્તિ, સાહસ, ડર અને રોમાંચની અનુભુતિ એક સાથે પુરી પાડે છે. આ સ્થળ હજુ લોકોનાં ધ્યાન પર આવ્યું નથી તેથી તેની કુદરતી અવસ્થા હજુ જળવાઈ રહી છે તો ભાદરવાથી પોષ મહિનાની ખુશનુમા ઋતુમાં જરૂરથી ભેગા મળીને મુલાકાત લેવા જેવી છે.

કેદારેશ્વર મહાદેવ મંદિરથી ૪૦ કિલોમિટર દુર વાયા વીરપુર લીમડીયા બાબલીયા થઈને કલેશ્વરી મંદિર

પરિસર પહોંચી શકાય છે. આ મંદિર પરિસર મહાભારત કાળનો ઈતિહાસ જાણવા માટેનું મુખ્ય સ્થળ છે. હિંડીમ્બા વન તરીકે જાણીતું અને જંગલ અને પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત આ સ્થળમાં શિવ મંદિર, માતા કુંતી, રાણી દ્રૌપદી અને ગાંડીવધારી અર્જુનની વાવ અને કુંડ આવેલ છે જેનું નિર્માણ મહા પરાક્રમી ભીમ દ્વારા કરવા માં આવ્યું છે. પરિસરથી લગભગ ૪૦૦ પગથિયાં ચઢીને ડુંગરની ટોચ પર મહાબલી ભીમ અને રાણી હિંડિંબાના પાણિગ્રહણની સાક્ષી પૂરતું લગ્ન સ્થાન ભીમની ચોરી આવેલી છે. ઉપરથી આખા વિસ્તારના વિહંગમ દ્રશ્યનો આનંદ માણી શકાય છે. કલેશ્વરી પરીસરથી નજીક બાકોર ગામ પાસે ઘણાં ઈકો ફોરેસ્ટ રિસોર્ટ આવેલાં છે જેમાં એડવેન્ચર સ્પોર્ટસ અને કુદરતી ઝરણાંનો આનંદ માણી શકાય છે.

કલેશ્વરી પરિસરથી વાયા લીમડીયા ચોકડી થઈને કડાણા ડેમ જઈ શકાય છે. ડેમ પહેલાં ઘોડીયાર ગામ પાસે નદીનાથ મહાદેવજીનું સુંદર મંદિર આવેલું છે જ્યાં બાર જ્યોર્તિલિંગ, નવદુર્ગા અને નવગ્રહના દર્શન કરી શકાય છે. મંદિર ઉંચાઈ પર આવેલ હોવાથી રસ્તો સાંકડો અને તીવ્ર ચઢાણ વાળો હોવાથી જાણકાર વાહન ચાલકે જ વાહન ચલાવવાની સલાહ છે જો વાહન કાબુ ગુમાવી બેસે તો અકસ્માત સંભવી શકે છે. ઉપરથી આખા ડેમ વિસ્તારના દર્શન થઈ શકે છે.

પંચમહાલ મહીસાગર જિલ્લામાં આવા તો અઢળક સ્થળો અને મંદિરો આવેલા છે તો તેની માહિતી ફરી કોઈવાર આપણે જાણશું.












ઉડાન એક નવા સફરની-ઉડાન સપનાથી હકીકતની

GIVE WINGS TO YOUR KID



# UDAAN SCHOOL



GIVE WINGS TO YOUR KID

**પ્લે ગ્રુપ । નર્સરી । જુનિયર કે.જી. । સિનિયર કે.જી.**

(ગુજરાતી માધ્યમ/અંગ્રેજી માધ્યમ)

**ધોરણ ૧ થી ૮ (ગુજરાતી માધ્યમ)** | **Standard 1 to 5 (English medium)**

"સતત ૭ વર્ષથી શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોતમ પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કુલ"

## ADMISSIONS OPEN

2025-26

**વિશેષતાઓ :**

- નિયમિત રીતે બાળકોનું સાપ્તાહિક મુલ્યાંકન
- નર્સરીથી અંગ્રેજી તેમજ જુનિ કે.જી. હિન્દીનું શિક્ષણ
- કાર્યદક્ષ સ્ટાફ
- શુધ્ધ અને પોષણયુક્ત ભોજન
- દરેક ગામથી ટ્રાન્સપોર્ટશનની સુવિધા
- સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી
- પ્રાયમરી સેક્શનમાં દરેક વિષયનું સોફ્ટવેર દ્વારા ઈ-લર્નિંગ
- સીસીટીવી કેમેરાની સુવિધા
- સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
- કે.જી. સેક્શનમાં આયાની સુવિધા

**30 જુન સુધીમાં ફી ભરનારને 10% ડીસ્કાઉન્ટ**

અન્ય કોઈ ડિસ્કાઉન્ટ નહિ.



**સ્કુલ બેગ • વર્ક બુક્સ • યુનિફોર્મ (૨ જોડી)**

**હેલ્ધી લંચ • વર્કશીટ**

ઉપરોક્ત બધી જ સુવિધાઓ ફી માં સામેલ છે.

(પ્રી-સ્કુલ/પ્રાયમરી બંને વિભાગમાં)




આઈડિયલ હાઈસ્કુલ પાસે, કોઠંબા, તા.લુણાવાડા, જિ.મહીસાગર

Mo.9879007330, 9925034551

• Kala Printers, Lunawada-M.6351790630

# Explore the Joy of Learning @ UDAAN

## નવોદયની પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થી






















Grow Learn Laugh Share



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

**પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર**

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુક્લ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંક્ચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧



---

૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

**Mobile : +91 99799 56633  94296 18855**

E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com
Website : www.shadashivayurvedic.in

## ઉપલબ્ધ સારવાર



| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અધતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |

# સિદ્ધિ સોપાન

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત તરફથી સિદ્ધિ મેળવનાર દરેક શ્રી સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન.



By the divine grace of Mata Mahalakshmi and the supreme cosmic energy, my wife Dr. Hemadri Nilesh Upadhyay is humbled and blessed to have completed her doctorate in Healing on the profound subject:"Exploring the Efficacy of Reiki as an Alternative Therapy for Children with Autism Spectrum Disorder: A Holistic Approach to Enhance Well-being." May the universe continue to bless this sacred mission, allowing her to touch more lives with love, light, and transformation.




Dr. Hemadri Nilesh Upadhyay Humbled and deeply honored to receive the Gold Medal from the Department of Reiki Science in recognition of my PhD research on autism. This milestone is a reflection of the Universe's grace and the silent support of all the souls I am divinely connected to. Grateful beyond words for this sacred journey of healing and purpose.







ડૉ. પ્રીતિબેન દવે, જ્યોતિષ શાસ્ત્ર અને વાસ્તુ શાસ્ત્ર માટે અનેક ન્યૂઝ ચેનલોમાં સક્રિય છે. શ્રીગૌડ જ્ઞાતિના ગૌરવ સમાન તેમનું વ્યક્તિત્વ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન.

## Achievement







# Pankaj Shukla Honoured for 'Extraordinary Loyalty' at Zydex Industries Silver Jubilee Function

In all four senior former members were felicitated and presented with the Lifetime Achievement Award at the 25-years function held at Vadodara, Gujarat

Four senior ex-members were recently honoured for their 'Extraordinary Loyalty' and pioneering efforts and support in the progress of Zydex Industries. Pankaj Shukla (Marketing), Nitin Shah (Production - Manufacturing Plant), H. R. Vishwanath, (Administration) and Vinu Patel (Accounts), were presented with the Lifetime Achievement Award. It was a Silver Jubilee Celebration as Zydex Industries completed 25 years. The function was held in Vadodara, Gujarat on February 1, 2025 in the evening and 7,00+ Zydex Industries staff, families, well-wishers attended the gathering.

Explaining his role at the company and its significance, Pankaj Shukla, said, "I was with Zydex since its inception in the year 1997. I did the foundation work and established the products in market. I developed the business all over India. All this foundation work, business development and image building of Zydex was done with extraordinary loyalty. During this tenure with Zydex, the initial efforts on the R&D for the well-known 'K2' water-based ink for garment printing was done by me. I discovered new application of polyester resin for non-textile. I worked closely with Dr. Ajay Ranka, Managing Director of Zydex for more than 20 years with this mindset and approach."




Established in 1997, Zydex is a specialty chemicals company with the purpose of innovating to create a sustainable world through conservation of resources. Zydex offers a diverse set of chemical technologies for the textile, agriculture, pavement and construction industries.

With a growing workforce of 1,100+ employees, Zydex has risen to become a global player with footprints in over 40 countries, where significant players & institutions have adopted their ecofriendly and sustainable technologies.

Zydex has established a global reputation as a pioneer in PVC-free water-based printing inks for garment screen printing. Their range of Whites and Clears set the benchmark for opacity, feel, stretch, and wash durability. Even after repeated washing, the prints maintain their high-quality standards and do not deteriorate in feel.

**www.zydexgroup.com**

# અભિનંદન

કાલોલ નગર પાલિકા ની ચૂંટણી માં આપણા જૂના શ્રીગૌડ શ્રીમતિ શેફાલી ઉપાધ્યાય, શ્રી પ્રતીક ઉપાધ્યાય, શ્રીમતિ મોનલ જોષી વિજેતા જાહેર થયા છે તે બદલ ખૂબ ખૂબ અભીનંદન.





આદરણીય જ્ઞાતિજનો આપણા સમાજના શ્રી ભરત કુમાર જટાશંકર પંડ્યા ના સુપુત્ર ભાઈ શ્રી જીગર ભરતભાઈ પંડ્યા લુણાવાડા નગરપાલિકામાં વિજેતા થયા છે. આપણા નૂતન સમાજના શ્રીમતી બ્રિન્દાબેન પણ વિજેતા થયા છે બંને શ્રી બંધુઓને ખૂબ ખૂબ અભિનંદન માં મહાલક્ષ્મી તેઓને ખૂબ પ્રગતિના આશીર્વાદ આપે તેવી પ્રાર્થના. જય મહાલક્ષ્મી.





સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સમિટ ૧૫ માર્ચ ૨૦૨૫ ના ગુજરાતના ભાગવતાચાર્યો , જ્યોતિષીઓ , તેમજ વેદાચાર્યો નું સન્માન તથા ધર્મસભામાં મહામંડલેશ્વરો, ધર્મગુરુઓ તેમજ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું તેથી સર્વને આભાર વ્યક્ત કરું છું .




– ડૉ. પ્રીતિ જી. દવે

Dr. Ketan Shukla's Daughter, **Dr. Mauli** has cleared her post graduation in MS **Gynecology with 65.75%**. Congratulation to Dr. Mauli from SSS G.

# શ્રીગૌડ બ્રાહ્મણ સમાજ કાલોલનું ગૌરવ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) દ્વારા આયોજિત મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ અમદાવાદ ખાતે શ્રી ધર્મેશ ભાનુપ્રસાદ પંડયાને (શિક્ષણ ક્ષેત્રે કાર્યરત) બ્રાહ્મણ રત્ન તરીકે સન્માન પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન !!

Congratulations ધર્મેશભાઈ પંડયા (KJIT Savli)






## 90% સચોટ આગાહીઓ કરતું AI સોફ્ટવેર, 20+ વર્ષ અને 1 લાખથી વધારે કુંડળીનો અનુભવ

દિવ્ય ભાસ્કર PRIDE OF GUJARAT 2025

**મૌલિક ભટ્ટ**

Most Trusted Astrology Guru in Gujarat

CosmoGuru™

"નાની ઉંમરથી જ વેદિક શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાની ધગશે યુવાનીમાં CosmoGuru™ નામક વેદિક શાસ્ત્ર માટે કાર્યરત સંસ્થાની સ્થાપના કરવાની પ્રેરણા શ્રી મૌલિક ભટ્ટને આપી

જુનુન વાળા માણસને દુનિયાની કોઈ શક્તિ સફળ થતા રોકી નથી શકતી આ વાતને સાર્થક કરતું ઉત્તમ ઉદાહરણ એટલે CosmoGuru™ ના ફાઉન્ડર મૌલિક ભટ્ટ. ભણતરમાં અથાગ પરિશ્રમ કરી શુન્ય માંથી સર્જન કરનારા મૌલિક ભટ્ટે પોતાની જ્યોતિષ ક્ષેત્રની જવલંત સફળતાનું પ્રથમ પગથિયું સ્કૂલથી જ માંડ્યું હતું. ઘરની સ્થિતિ સાનુકૂળ હોવા છતાં કર્મને પ્રાધાન્ય આપવું તેવી દ્રઢ માનસિકતા નાં કારણે મૌલિક ભટ્ટે કરિયર ની શરૂઆત માત્ર ૧૩ વર્ષની ઉંમરથી કરી. ફિઝિક્સ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ નાં અભ્યાસ સાથે વિજ્ઞાન વિષયમાં સ્નાતક પદવી ધારણ કરી અને સાથે સાથે વેદિક જ્યોતિષનું પણ પદ્ધતિસરનું શિક્ષણ મેળવ્યું.

સકારાત્મક શૈક્ષણિક અને કૌટુંબીક વાતાવરણના કારણે તેઓ વેદિક શાસ્ત્રોમાં વિજ્ઞાન અને ખાસ કરીને ગણિત અને ખગોળીય બાબતોનુંખૂબ ઊંડાણપૂર્વક અધ્યયન કર્યું જેના પરિણામે આજના યુગને અનુરૂપ ઘણા સંશોધનાત્મક કાર્ય કરવા માટે તેઓ સક્ષમ બન્યા. શ્રી મૌલિક ભટ્ટ 2000 થી વધુ ટીવી શો અને પ્રિન્ટ મીડિયા આર્ટિકલ - ન્યુઝ દ્વારા 5,000 થી વધુ આગાહીઓ કરી ચૂકેલ જેમાં 85% થી વધુ સચોટ પરિણામ પ્રાપ્ત થયા છે તેમની મુખ્ય આગાહીઓ માં

### 2000 થી અત્યાર સુધી

| | |
|---|---|
| ભારતીય શેર બજાર | ક્રિકેટ વર્લ્ડ કપ |
| ફૂટબોલ વર્લ્ડ કપ | ચૂંટણી પરિણામ |

### CosmoGuru™ ની સ્થાપના

પરિવારનો સાથ અને કંઈક કરી દેખાડવાના જૂનુને મૌલિક ભટ્ટને વધુને વધુ આત્મબળ આપ્યું જેના પરિણામે તેમણે પોતાની સંસ્થા CosmoGuru™ સ્થાપના 2011માં અમદાવાદ ખાતે કરી. CosmoGuru™ એ માત્ર જ્યોતિશાસ્ત્ર અને ભવિષ્યનું જ્ઞાન આપતી સંસ્થા જ નથી પરંતુ એસ્ટ્રોલોજીનું ગહન જ્ઞાન મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કેન્દ્ર પણ છે.

### CosmoGuru™ ગ્રુપ

- સંશોધન - કોસ્મો રિસર્ચ ફોઉંડેશન
- શૈક્ષણિક - કોસ્મોગુરુ ઇન્સ્ટિટ્યૂટ
- ઓટોમેશન - કોસ્મો કુંડલી પ્રા.લિ.
- સર્વિસ - કોસ્મોગુરુ પ્રા.લિ.
- રેમેડિસ - સ્ટાર ફેવર

"**વેદિક વિજ્ઞાનની ઇકો સિસ્ટમની સ્થાપના કરવી તથા તેના વિદ્યાર્થીઓ અને પરંપરાગત જ્ઞાનના સલાહકારો માટે વિશાળ તકો ઊભી કરવાના મુખ્ય હેતુથી CosmoGuru™ કાર્યરત છે**


### AI સોફ્ટવેર CosmoKundli™

શ્રી મૌલિક ભટ્ટે ટેક્નિકલ બેકગ્રાઉન્ડ સાથે જ્યોતિષનાં આધારે સચોટ આગાહી કરવાની પદ્ધતિનાં 20+ વર્ષનાં અનુભવથી એક વિશિષ્ટ MB અલગોરિધમ ડેવલોપ કરી, તેનાં આધારે જ્યોતિષીય આગાહી કરતું સોફ્ટવેર CosmoKundli™ તૈયાર કર્યું છે. જેનાં દ્વારા પ્રાપ્ત આગાહીઓ માટે 20,000+ કેસસ્ટડીઝમાં 90% થી વધુ સચોટ પરિણામ પ્રાપ્ત થયા છે.

### સંશોધન કાર્યો

વર્ષોના સંશોધન અને અનુભવના પરિણામે આજે મૌલિક ભટ્ટના માર્ગદર્શન સાથે ડોક્ટર્સ અને વૈજ્ઞાનિકોની ટીમ શાસ્ત્રોક્ત ઉપાયોમાં વૈજ્ઞાનિક ટેસ્ટિંગ અને ક્લિનિકલ ટેસ્ટિંગ કરી આધુનિક પદ્ધતિસર પ્રયોગ કરે છે અને નવીન પ્રકારની અસરકારક અને ફળદાયી હર્બલ ગ્રહ દ્રવ્ય, હર્બલ ગ્રહ ઓઈલ, કોસ્મો યંત્ર વગેરે રેમેડીઝનું સંશોધન કાર્ય કરી રહી છે.

હાલમાં ઈતિહાસ ગ્રંથમાં રહેલી ખગોળીય માહીતિઓનાં આધારે ભારતનાં ઈતિહાસની સમય રેખાનું પણ સંશોધન કરી રહ્યા છે. જે અંતર્ગત રામાયણ અને મહાભારતનો ચોક્કસ સમય પણ પ્રસ્થાપિત કર્યો છે.



Congratulations to Pranshu Bhatt, on winning the gold medal in academics! Wishing you the best of luck for the future.

S/o Kakul Pathak, Mr. Smit Pathak, received a Silver Medal From K.J. Institute of Engineering and Technology for Securing 2nd Rank in his I.T Branch After Successfully completing his I.T. degree. It was a moment of immense pride and joy for pathak family as we witnessed his hard work and dedication being recognized.







## શ્રીગુજરાતી શ્રીગૌડ માળવી બ્રહ્મ પરિવારનું ગૌરવ
## ડો. જયદીપ જોષીને ક્લાસ-ટૂ અધિકારી તરીકે બઢતી મળી

મૌનસ ગોત્ર રત્નેશ્વર દાદા પરિવાર ત્રાકુડા નિવાસી સ્વ. ચુનીલાલ પ્રભુલાલ જોષી તથા સ્વ. મુકતાબેન ચુનીલાલ જોષીના પૌત્ર અને શ્રી હિતેન્દ્રકુમાર ચુનીલાલ જોષી તથા સ્વ. મીનાબેનના સુપુત્ર ડો. જયદિપ હિતેન્દ્રકુમાર જોષી કે જે રાજકોટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં સાયન્ટિફિક આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે, ગઈકાલે ગુજરાત સરકારના ગૃહ વિભાગે પ્રસિદ્ધ કરેલ નોટિફિકેશનમાં જયદીપભાઈને સાયન્ટિફિક ઓફીસર (કલાસ - ટૂ) તરીકે બઢતી આપવામાં આવી છે.



શ્રી ગુજરાતી શ્રીગોડ માળવીય બ્રહ્મ પરીવાર તરફ થી ખૂબ ખૂબ અભિનંદન ઉત્તરોતર પ્રગતિશીલ બની રહો તેવી હાર્દિક શુભકામના ઓ પાઠવે એ છે.

શ્રી હિતેન્દ્રભાઈ જોષી અને ડો. જયદીપ જોષીને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી હિતેન્દ્રભાઈ 6352530747, ડો. જયદીપભાઇ 9427164258




સયાજી જયંતી નિમિતે સર સયાજીરાવ મહારાજા અને વડોદરા નગરી પર કાવ્ય પાઠ કરતા કવિ બ્રિજ પાઠક દિનાંક 10/03/2025 સેન્ટ્રલ લાઈબ્રેરી (મધ્યવર્તી પુસ્તકાલય )માંડવી, વડોદરા.

Shree goud brahman pathak parivaar kalol pms nu gourav Shree Rajendra P. Pathak ..kavi vivechak.ane ghanu badhu ..tem j temni honhar dikro brij pathak rocks in kavi sammelan..in honour of shree sayaaji rav saheb

## હાર્દિક અભિનંદન
## હૃદય ના ઊંડાણ માંથી ઉદ્દભવતો આનંદ- ગૌરવ ફુવારો !




ચિ. વિશ્વા નિર્મલભાઈ પાઠક જે દેવલબેનની દિકરી, મારા સ્વ. ભત્રીજાની દીકરી, GPSC ની કઠિન સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉચ્ચ રેંકમાં ઉત્તીર્ણ થઈને આસિસ્ટન્ટ કમિશનર ગુજરાત રાજ્ય GST ના હોદ્દા માટે પસંદગી પામી છે. અમારું સમગ્ર મોસાળ કુટુંબ તેમજ શ્રીગોડ બ્રાહ્મણ આદ્ય 135 પક્ષ કાલોલ ખૂબ ગર્વ અનુભવે છે.

આ તેજસ્વી દીકરી તેના જીવન ના દરેક આયામ માં આવું જ પરફોર્મ કરે તેવા અમારા આશીર્વાદ.

વટ વૃક્ષ સમા મારા મોટા મામા સ્વ. લક્ષ્મીરામ પાઠક,ઘોઘંબા ની તેજસ્વી કુટુંબ શૃંખલામાં એક વધુ તારલો ઝળહળિત થયો છે.

અમારા મોસાળમાં સારસ્વતો તો DNA થી ખરા જ પરંતુ વ્યવસાયમાં તબીબી,વહીવટી અને શિક્ષણ ક્ષેત્રે પણ પ્રકાશપુંજ રેલાવતા ભાઈ, ભત્રીજા, ભત્રીજી અને તેમના સંતાનો ની સિદ્ધિ થકી આનંદ અને ગૌરવ અનુભવાય છે.

ચી.વિશ્વા તેમજ આપણી સમસ્ત શ્રીગોડ જ્ઞાતીના તમામ સંતાનો પર શ્રી મહાલક્ષ્મી મા આશીર્વાદ નો અભિષેક અવિરત કરે એવી પ્રાર્થના.

ધ્રુવ જોશી
સલાહકાર, શ્રી મહાલક્ષ્મી મેડિકલ એન્ડ એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ



તંત્રીશ્રી રાજેશભાઈ પંડ્યા - રાજ નું કલરવ કવિ સંમેલન જે માર્ચ મહિનામાં દહેગામ ખાતે યોજાયું હતું તેમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાત શ્રીગૌડની પ્રતિભાને અભિનંદન સહ બિરદાવે છે.

Certificate No. : 20244067651224002921

# GUJARAT STATE ELIGIBILITY TEST

## THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

**(Accredited with Grade 'A+' by NAAC)**



## STATE ELIGIBILITY TEST FOR ASSISTANT PROFESSOR

**(Accredited by UNIVERSITY GRANTS COMMISSION, NEW DELHI)**

(Ref. : Govt. of Gujarat Resolution No. MIS - 1092 New Item - 10KH dt. 31st August, 1998)

**(Valid in the State of Gujarat Only)**

**GSET Ref. No. :** 202440676512240029211/GENERAL **Roll No. :** 406765

*Certified that*

***Prasantkumar Dipakkumar Dave***

*Son of*

*Sadhanaben Dipakkumar Dave(Mother) and*

*Dipakkumar Gaurishankar Dave(Father)*

*has qualified the Gujarat State Eligibility Test for Assistant Professor held on 01th December 2024 in the Subject*

***Education***

*As per the information provided by the candidate, He had completed his Master's Degree or equivalent examination at the time of applying for GSET.*

*The date of Eligibility for Assistant Professor is the date of declaration of the GSET result, i.e., 11th January 2025,OR the date of completion of the Master's Degree or equivalent examination, with required percentage of marks within two years from the date of declaration of the GSET result, i.e., by 10th January 2027 whichever is later.*

*This is an electronic certificate only, its authenticity and category in which candidate had appeared should be verified from the GSET Agency by the institution / appointing authority. Electronic certificate can also be verified by scanning QR Bar Code printed on the electronic certificate. Validity of this certificate is forever.*

**MEMBER SECRETARY**
Gujarat SET
The Maharaja Sayajirao University of Baroda

**Date of Issue :28/02/2025**

**CHAIRMAN**
Gujarat SET
The Maharaja Sayajirao University of Baroda

**Note :** Gujarat SET Agency, The Maharaja Sayajirao University of Baroda has issued the electronic certificate on the basis of the information provided by the candidate in his / her Application Form and his / her original records / certificates have not been verified. The appointing authority should verify the original records / certificates of the candidate while considering him / her for appointment, as Gujarat SET Agency is not responsible for the same. The Candidate must fulfil the minimum eligibility conditions for Gujarat SET as laid down in the notification of said Gujarat State Eligibility Test.

**કલરવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વાર આયોજિત કવિ સંમેલન, તા.૨૨-૦૩-૨૦૨૫ને શનિવારના રોજ અમદાવાદ ખાતે યોજાયું હતું. તંત્રીશ્રી રાજેશભાઈ પંડ્યા-રાજ તેમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. કલરવ ચેરીટેબલ ટ્રસ્ટના તે ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે.**







Dr.Shubhangi Dhwanil Shukla (Ph.D.) has joined IIT, Gandhinagar as Assistant Professor in month of March 2025. Dr Shubhangi is B.Tech (Mechanical) from IIT, GANDHINAGAR and studied Ph.D (Mechanical-Fluid Dynamics) from USA. She has done POST DOCTORATE from ARGONNE NATIONAL LABORATORY, CHICAGO (USA).

દિવ્ય ભાસ્કર આયોજિત
લઘુ નવલ સ્પર્ધામાં
આપણા સમાજના
શ્રી ચેતનભાઈ શુકલની વાર્તા
વિજેતા જાહેર થઈ હતી.
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત
તેમને અભિનંદન પાઠવે છે.



દિવ્ય ભાસ્કર SUNDAY MAGAZINE

# 'ગમે તે થાય પણ મને

અજવાળાની શોધમાં

લઘુનવલ • ચેતન શુક્લ

પ્રકરણ-1

શહેરનો જાણીતો એવો આંબાવાડી વિસ્તાર અને તેમાં આવેલું આ પોલીસ સ્ટેશન. આખું શહેર સૂઈ ગયું હોય એવો સમય હતો એટલે પોલીસ સ્ટેશનનું વાતાવરણ પણ જાણે અડધું ઘેનમાં હતું! આખો દિવસ પોલીસની જીપો, ખાખી વર્દીવાળા અને સામાન્ય લોકોની અવરજવરવાળા આ બિલ્ડિંગની બહાર અત્યારે લગભગ સન્નાટા જેવું હતું.

બે પોલીસવાળા ધૂમ્રપાન કરતા કોઈ કેસની વાતો કરતા હતા ત્યારે અંદરની ઓફિસોમાં રહેલાં તેમનાં ટેબલ અત્યારે થોડી ફાઈલોનું વજન સહન કરતા સુષુપ્ત અવસ્થામાં દેખાતાં હતાં. એવે સમયે એક ખૂણાના ટેબલ પર જવાબદારીના નામે એક સરકારી ફોન સાચવીને બેઠેલો કોન્સ્ટેબલ ઝોકાં ખાતો છતાં સાવધાન મુદ્રામાં હોય તેમ બેઠો હતો. ત્યારે જ ટેલિફોનની ઘંટડી રણકી ઊઠે છે. એ કંટાળાજનક ચહેરા સાથે ફોન ઉપાડે છે. સાવ ટૂંકી વાત સાંભળીને એ ફોન પાછો મૂકીને તરત ઊભો થાય છે. મોજાં પહેરેલાં પગને બૂટમાં નાખ્યા વગર એ અંદરની કેબિન બાજુ ઝડપથી જાય છે.

તેણે ટેબલ પર માથું ઢાળીને આરામથી સૂઈ રહેલા ઈન્સ્પેક્ટરને જગાડ્યા. 'સાહેબ કોઈ ચૌધરીસાહેબનો ફોન હતો. તમને તાત્કાલિક ફોન કરવાનું કીધું છે.'

અડધા ઘેનમાં લાગતા ઈન્સ્પેક્ટરે થોડી ક્ષણો સુધી કોન્સ્ટેબલને તાક્યા કર્યું ને પછી પોતાની લાલઘૂમ આંખો ચોળી. 'ચૌધરી... હા... એ તો મારો મિત્ર...'

ઈન્સ્પેક્ટરે સામેની ભીંત પરની ઘડિયાળમાં સમય જોયો.

# EMERALD DEVELOPERS

## KAMLESH PATHAK

**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.




101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.
www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372

# સમાચાર સંચય

- હરેશભાઈ પંડ્યા, નડિયાદ

શ્રીગૌડ સાડત્રીસ સમાજ દ્વારા આયોજીત ૧૪ મો સમૂહ યજ્ઞોપવિત સમારંભ તા.17 ફેબ્રુઆરી 2025 ના રોજ  સ્વ.માણેકલાલ મોતીરામ પાઠક, વડથલ પરિવારના સુંદર સાથ-સહકાર અને સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો. જેમાં સમાજના છ બટુકોને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગામેગામથી સમાજના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા અને દિક્ષિત બટુકોને આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના મહામંત્રી શ્રી યોગેશભાઈ શુક્લ આ પ્રસંગે ઉપસ્થિત રહી સહુને પ્રોત્સાહિત કરેલ.

શ્રીગૌડ સાડત્રીસ સમાજના કારોબારી સભ્યો, જ્ઞાતિજનો, દાતાશ્રીઓ, નગરજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના મહામંત્રી  શ્રી જીજ્ઞેશભાઈ પંડિત દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરી સમાજના સૌ સભ્યો તથાઆમંત્રિત મહેમાનોનું શબ્દોના ભાવસાથે સ્વાગત કર્યું હતું.

પ્રમુખશ્રી વિભાકરભાઈ વ્યાસ દ્વારા યજ્ઞોપવિત સમારંભના દાતાશ્રીઓને સન્માનિત કરવામાં આવેલ.વનિતાવૃંદ ના પ્રમુખશ્રી સંવિદાબેન તેમજ મહામંત્રી શ્રી સંગીતાબેન પંડ્યા પણ હાજર રહેલ.સમાજના મહામંત્રી શ્રી જિજ્ઞેશભાઈ પંડિત દ્વારા  આયોજન કરવામાં આવેલ પાઠક પરિવાર નો  પ્રજાજનોનો અપ્રતિમ સાથ સહકાર જોવા મળ્યો અને મહામંત્રી જીજ્ઞેશભાઈ પંડિત દ્વારા આભાર માનવામાં આવ્યો હતો..ધન્યવાદ.

હવેનો સમય ક્રાંતિયુગ છે.Knowledge is power યજ્ઞોપવિત સંસ્કાર થકી બાળકના રોજીંદા જીવનમાં એક મહત્વપૂર્ણ વળાંક આવે છે. યજ્ઞોપવિત ધારણ કર્યા બાદ વિદ્યાની પ્રાપ્તિ કરવાનો સુવર્ણ સમય શરૂ થાય છે. આવા મહત્વના સમયે સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર નો કાર્યક્રમ વ્યક્તિગત રીતે તેમજ સમાજની રીતે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. યજ્ઞોપવિત ધારણ કર્યા બાદ શિક્ષણ પ્રાપ્તિ થાય,તેનાથી જીવનઘડતર થાય અને આગવી ઓળખ ઊભી થાય.

સમૂહ યજ્ઞોપવિત ના  અમુલ્ય લાભો છે. આ સમારંભના આયોજન દ્વારા દરેક પરિવારને સમય તેમજ ખર્ચમાં બચત થાય.સામુદાયિક સહકાર મળવાથી સુંદર આયોજન થાય.સમગ્ર સમાજના પરીવારના સભ્યો સામેલ થવાથી સામાજિક સંબંધોમાં મજબૂતાઈ આવે ,  સમાજમાં સમાનતા આવે, એકતા પ્રસ્થાપિત થાય તથા સમગ્ર સમાજના આશીર્વાદ બટુકોને પ્રાપ્ત થાય.આમ, સોનામાં સુગંધ ભળે.

સમૂહ યજ્ઞોપવિત ના આયોજનથી સમાજને અને પરિવારને લાભ જ થાય છે.ખોટા ખર્ચા બચી જાય, દેખાદેખીથી દુર રહેવાય.વેદપાઠી વિદ્વાનો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંસ્કાર મળે છે .બટુકો ધર્મ, સંસ્કૃતિ અને સમાજ સાથે સામીપ્ય અનુભવે છે.

સૌથી વધુ મહત્વ ગણવામાં આવે તો સમૂહ યજ્ઞોપવિત સમારંભ એ જ્ઞાતિના વિકાસનું અદ્‌ભુત ઉદાહરણ ગણી શકાય.જેમા સમગ્ર સમાજ એકત્રિત થાય છે. આપ શું માનો છો?

**સંદેશ**

બુધવાર, 12 ફેબ્રુઆરી 2025, મહા સુદ પૂનમ

## ડાકોર ખાતે લક્ષ્મીયાગ યોજાયો



વલ્લભવિદ્યાનગર :ડાકોર ખાતે લક્ષ્મીયાગનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં ચૈતન્ય શંભુ મહારાજ,. પુરૂષોત્તમ મહારાજ, શ્રીગોડ અગ્રણીઓ સ્ટેજ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. ચૈતન્ય શંભૂ મહારાજે  સંસ્થાને માટે તેઓની કથા રાખવાની તૈયારી દર્શાવી હતી. ઓરાનુ જ્ઞાન દરેકને ન હોય, પણ જે ચોતરફ ફેલાયેલો હોય તેને  તુરંત જ ખબર પડી જાય કે હકારાત્મક ઉર્જા શું કહેવાય, કેટલા કણના તરંગ અહીં જોવા મળતા હતા એ કારણે તમામ શ્રીબંધુ સ્વજનો એક મેળાવડામા મળ્યા હોય એ રીતે એકબીજાને મળ્યા હતા. ગોળના લાડુ, ફુલવડી અને અન્ય પ્રસાદીનો લ્હાવો લઇને શ્રદ્ધાળુઓ ધન્ય બન્યા હતા. અન્ય સમાજના સેવાભાવી સેવકો પણ હાજર રહેતા તેઓનુ બહુમાન કરવામા આવ્યુ હતું.


ॐ ઓમ મેડિકલ સ્ટોર્સ

દરેક પ્રકારની એલોપેથી, આર્યુવેદીક, કોસ્મેટીક મળશે.

૩૦/૧, ભારત માતા સોસાયટી, પી.ડી. પંડ્યા કોલેજ રોડ,
ઘોડાસર, અમદાવાદ.

(Hardik Dave) 7990584520, 9427005171

**શ્રીબંધુ માટે અંદાજે ૧૬% અને વધુ તથા**
**અશક્ત માટે કુરિયર સેવા પણ કરી આપશે.**




શ્રી વિજયભાઈ પંડ્યા મૂળ કાંકણપુરના વતની છે. રામાયણ ઉપર સુંદર વ્યાખ્યાન આપે છે. ૮૨ વર્ષની જૈફ વયે પણ ખૂબ જ કાર્યરત છે. શ્રીગૌડ સમાજ તેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે. તેમના વ્યાખ્યાનનો લાભ લેવો એ એક અમૂલ્ય અવસર ગણાય છે.

જ્ઞાતિ ગૌરવ ...અભિનંદન ..

આપણી જ્ઞાતિના મુ.વડાલ હાલ જૂનાગઢ શ્રી શૈલેષભાઇ આર.દવે ભા.જ.પ.પક્ષ વોર્ડ ન.૧૧ માંથી ઝળહળતો વિજય થયો છે તે બદલ મુંડીયા સ્વામી ટ્રસ્ટ ના ટ્રસ્ટીશ્રીઓ અને સભ્યશ્રીઓ અભિનંદન પાઠવે છે અને મેયર તરીકે સત્તા પર આવે એવી મુંડીયા સ્વામીજીને પ્રાર્થના ...

જુનાગઢ નગરપાલિકામાં વોર્ડ નંબર 11 માંથી આપણા મુકુંદ પુરુષોત્તમ વિદ્યાર્થી આશ્રમ અને જ્ઞાતિ સમાજ જૂનાગઢના  પ્રમુખશ્રી શૈલેશભાઈ દવે કોર્પોરેટર તરીકે સારી લીડ થી ચૂંટાઈ આવ્યા છે. ખૂબ ખૂબ અભિનંદન.

તા. ૦૫-૦૪-૨૦૨૫ના રોજ મહાલક્ષ્મી મંદિર, મઘવાસ ખાતે, ચૈત્રી નવરાત્રિ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.૧૦૦ જેટલા ભક્તજનોએ તેનો લાભ લીધો હતો. મહાલક્ષ્મી મંદિર, મઘવાસ ટીમ દ્વારા યજ્ઞ અને ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.







**શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ**

## શ્રીપંચગ્રામ શ્રીગૌડ મહાલક્ષ્મીમાતા ટ્રસ્ટ,મહુધા

શ્રીપંચ ગ્રામ શ્રીગૌડ મહાલક્ષ્મી માતાજી મહુધા ના ટ્રસ્ટી ઓની એક મિટિંગ મળી હતી જેમાં દાતાશ્રી ના સહયોગ થી મંદિર ની પાછળ નવા લીધેલ મકાનમાં જીણોધ્ધાર કરવાનું નક્કી કયું છે. જેનું ખાત મુહૂર્ત વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) તા 30/04/2025 ને બુધવારે રાખેલ છે.

ખાત મુહુર્ત

તારીખ 30/04/2025  બુધવાર, સમય સવારે 10:00 કલાકે

લી .ટ્રસ્ટી

( વિગતવાર ટુંક સમયમાં જણાવવામાં આવશે )

શ્રી ગૌડ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા સતત 3જા વર્ષે પણ ડાકોર પદયાત્રી કેમ્પનું આયોજન તારીખ 09/03/2025નાં રવિવાર અને 10/03/2025 સોમવાર નાં બે દિવસ માટે કરવામાં આવ્યું.

આ કેમ્પ ગડઈયા હનુમાન મંદિર પાસે હીરા પુર ગામ પાસે, મહેમદાવાદ રોડ ખાતે રાખવામાં આવ્યુ હતું. શ્રીમતિ પારૂલબેન દવે-પ્રમુખ, શ્રી અમિતભાઈ જોશી-મહામંત્રી સાથે તમામ કારોબારી સભ્યોએ ખૂબ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો.


















સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા







# જોષી ચશ્માવાલા
## & કોન્ટેક લેન્સ કિલનીક


**નંબરના ચશ્મા, ગોગલ્સ અને**
**કોન્ટેકટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧

# આવી વસંત

(સોનેટ)

રૂમઝૂમ કરતી આવી રૂડી વસંત;
વધામણા કરે સારી પ્રકૃતિ ;માણસો;
ઘણી ય દુર્ઘટનાઓ; ઘટનાઓ બને;
છતાંય સૌ જનો ઉલ્લાસ ઉત્સવોને;
મન ભરી માણવા તડપતા રહે છે.
પ્રત્યેક સવારની ઉઘડતી ક્ષણો;
વસંત માં આનંદના અવનવા રંગો;
ઉભારે પ્રગટાવે ઉછાળે હૃદયોમાં;
મૃત્યુ તો હર ક્ષણે થાય માનવનું;
સર્જન પણ દરેક કોષમાં જ થતું;
આનંદમય કોષ તો આશા છે અહીંયા;
જીવનનો આજ તો મર્મ ને રહસ્ય;
શોધવા મથતા રહે છે; ભોગી ને યોગી;
ચાલને અલગારી થૈ માણીએ વસંત



ડો. બીરેન પાઠક, ઘોઘંબા

# વસંત

પાનખર નું પર્ણ ખરે ત્યારે વસન્ત આવે,
વાયરા ફાગણ વહાવે ત્યારે વસન્ત આવે.
પિચકારી રંગ ની હૈયે રંગોત્સવ લાવે,
જો ઉડે ગુલાલ ગાલ પર ત્યારે વસન્ત આવે.
કુદરત જો ફેરવે પોયણી ની
પીંછી હળવે હાથે,
અમૃત કુંભ નો લાગે મેળો ત્યારે વસન્ત આવે,
ધુળેટી માં ઉડે ગુલાલ રંગે પ્રિયા ના ગાલ ,
માદક ખુશ્બુ મહુડા ની મહોરે ત્યારે વસન્ત આવે.
કુસુમાયુધ શર થકી શિવ કૈલાશે ડોલે,
ત્રિનેત્ર ખુલે, કામ જલે, ત્યારે વસન્ત આવે.
અવનવા વિષયો ના કવન થી જાગૃતિ આવે ,
બ્રહ્મ તેજ ની આભા ઉડે ત્યારે વસન્ત આવે



રાજેન્દ્ર પાઠક, વડોદરા

## મહેક

પરોઢની મહેક જાણે પારિજાત તું,
તારું મંદ સ્મિત મને મહેકાવી જાય છે.
સવારે સૂરજના સ્પર્શ સમી સૂરજમુખી તું,
અંગોમાં નવો થનગનાટ વરસાવી જાય છે.
મોહક મોગરા સમ માદક લાગે તું,
મારા શાંત મનને બહેકાવી જાય છે.
સ્તંભ પર વીંટળાયેલી જૂઈની વેલ તું,
લચકતી ચાલ તારી  લલચાવી જાય છે.
શ્વેતવણી બારમાસી છે કે છે લીલી તું!
દિલ મારું તારા પર વારી જાય છે.
તરબતર સુવાસથી ભરપૂર રાતરાણી તું,
સપના મારા સુવાસિત કરી જાય છે.
રાતા ગુલાબની કોમળતાથી ભરી છે તું
સ્પર્શ તારો જીવનમાં મહેક પ્રસરાવી જાય છે.



**ક્રિષ્ના શુક્લ**
'સુવાસ' (આણંદ)

## શિવ કૈલાશ

શિવ એ શૂન્ય, શિવ એ અનંત,
શિવ એ તત્વ, શિવ એ પ્રભંત.
કૈલાશ એ શિવનું ધબકતું હૃદય,
જ્યાં નાદ અને શાંતિ એકસાથે વસે.
જ્યાં હવા પણ શિવનું નામ જપે,
જ્યાં ધબકારમાં શિવનું સ્પંદન ધબકે.
જ્યાં ભક્તિ અને ભલા ભાવો મળે,
ત્યાં કૈલાશના શિખરે શિવ મળે.
ન કોઈ સંકોચ, ન કોઈ ભય,
શિવના આશીર્વાદે ભરાઈ જાય હૃદય.
દેખાય છે હિમમય કૈલાશ,
પણ ભીતર શિવનો અનહદ પ્રકાશ.
"હૈયે શિવ, શ્વાસે શિવ, કણ-કણમાં શિવ!"



**તન્વી શુક્લ, અમદાવાદ**

# ઝાપટું



પંકજ પુરોહિત, આણંદ.

પાછું શહેર બન્યું આજે ઝરમરિયું,
તાજગીનું મસ્ત મોજું... ફરી વળ્યું.

મેઈલ/મેસેજને હવે માર ગોળી,
વેરણ વિજળીનુંય એવું નોતરું મળ્યું.

છોડ છત્રી ને મે'લ રેઈનકોટ,
છોકરમતે તો જાણે બંડ છેડ્યું.

તરવરાટને તે કંઈ હોય કોઈ તેડું ?
ભજીયાં ભૂલીને ન્હાવા, હારે લોક ભળ્યું.

ચ્હા છોડી, ચાતક બન્યા ને...,
આકાશેથી અમૃત આવી મળ્યું.

# સ્ત્રી

સંવેદનાનું સરનામું એટલે સ્ત્રી
સમર્પણનું સરનામું એટલે સ્ત્રી
સહનશક્તિનું સરનામું એટલે સ્ત્રી
સમજશક્તિનું સરનામું એટલે સ્ત્રી
સ્ત્રીના સૌંદર્યનું સરનામું એટલે...
વિચાર, આચાર, સંસ્કાર, સૌહાર્દ
સમર્પણના સરનામે સ્ત્રીનો વાસ હોય છે.

સ્ત્રી ત્રણ કુળની લાજ રાખે
માવતર, મોસાળ અને સાસરું.



**અદિતી પંડિત**
**"અનામિકા"**

# નથી ગમતું મને...

શમણાઓ વિહોણી રાત નથી ગમતી મને,
માણસાઈ વિનાની વાત નથી ગમતી મને...

આપણી સામે અલગ ને લોકો સામે અલગ,
બદલાતા માણસની જાત નથી ગમતી મને..

અમુલ્ય જીવનની ક્ષણોને કેમ વેડફી નાખું.?
દુનિયાની ફાલતુ પંચાત નથી ગમતી મને...

પરિશ્રમનો પરસેવો સુકાવા નથી દેવો,
દોડતા રહેવા દો નિરાંત નથી ગમતી મને...

જેમને મળીને કંઈ પણ શીખવા ન મળે,
એવા લોકોની મુલાકાત નથી ગમતી મને...

જે પણ કહેવું હોય તે મારા મોઢા પર કહો,
સંબંધોમાં ઝેરની સોગાત નથી ગમતી મને..



**પ્રીતિબેન દવે, અમદાવાદ**

# કુંભ મેળો ૨૦૨૫

નિર્લોભી બની, આરંભી યાત્રા મહાકુંભની જઈ સંગમે,

છુપી ઊર્જા પ્રગટી, નમાવ્યા શીશ ને લગાવી ડુબકી
છલોછલ આસ્થા  સંગ, જળ ભરી

રહેશે સર્વદા જે નીજ મહીં
ગુઢ જ્ઞાન, રહસ્યો ની ધર્મ પતાકા ફરકી

ભવ્ય અખાડા બની ઓળખ આગવી
સઘળું કરાવ્યું ઈશ્વરે ,સૌના કલ્યાણ અર્થે

સત્સંગ, ધૂન, ગોષ્ઠી થકી બની યાત્રા આધ્યાત્મિક, આનંદમયી એક,

સહયાત્રીઓ ને સારથી સૌના છીએ અંતરથી આભારી
નમઃ પાર્વતી પતે હર હર મહાદેવ હર



**માલિની જોષી પાઠક, વડોદરા**

# ફાલ્ગુનસ્ય પ્રથમ દિવસે



ધ્રુવ જોષી, વડોદરા

ફાગણ જો ફોરાયો
ચિતવનમાં, ફાગણ છે ફોરાયો.

ક્યાંક ગુંજન મનઉપવનમાં,
ટહુકા સ્મરણો ની ડાળે,
સમીર મંજરી ચૂમી છાનો
સખી, રોમ રોમ ને સ્પર્શે!

ફાગણ જો ફોરાયો
ચિતવનમાં,ફાગણ છે ફોરાયો.

ઢોલ ધબકારા,સૂર પાવાના, પ્રણય ગીતના ઝરણાં કેવો રાસ રચાવે!
કેશુ કેરા રંગે રંગાઈ આખા,ચાલ મદન રતી થૈ  રમીએ.

ફાગણ જો ફોરાયો
ચિતવનમાં,ફાગણ છે ફોરાયો.

હું બેઠો છું તુજ આંખોમાં ને
તું છુપાઈ છે મુજ દિલમાં,
કેમ કરી ને મિલન કરીશું,
રાસ રચીશું ક્યારે!

ફાગણ જો ફોરાયો
ચિતવનમાં,ફાગણ છે ફોરાયો.

ચાલો જઈએ છાને મારગ
ગોપ ગોપી થૈ રમવા,
મધુવન પહોંચી ફગુવા ગાતા ભાન ભૂલીને ઢળીએ !

ફાગણ જો ફોરાયો
ચિતવનમાં,ફાગણ છે ફોરાયો.

# મહેકતો બાગ



-શિવાંશી દવે "સાથ" (લુણાવાડા)

જીવન બાગમાં થયો આજ કૂંપળનો અવતાર,
નવપલ્લવિતને નીરખી સૌનાં દિલમાં હરખ અપાર.

વટવૃક્ષની પ્રેમાળ છાયા મેળવી એણે ઘટાદાર,
પર્ણો જાણે સહોદર, સંગ એને આજ આનંદ અપરંપાર.

ફર્યા ઋતુચક્રો વારંવાર, પણ ન મળ્યો તેને સમયનો સહકાર,
વસંત ખીલી ચારેકોર પુરબહાર, પણ આને મળ્યો પાનખરનો માર.

જગતની શું વાત! અહીં પોતાનાએ જ કરી સરખામણી,
મુંજાય છે જીવ મનમાં, ઈશ્વરની આ કેવી વહેંચણી!

પામે છે ઉદ્યાનમાં ખુદને નિરાધાર, પણ માની ન કદી હાર,
ભીતર શક્તિનો છે અખૂટ ભંડાર, લડતનો મનોમન કર્યો નિર્ધાર.

ખંત અને આત્મવિશ્વાસથી કરી મહેનત દિવસરાત,
નિરંતર નિજ પ્રયાસથી આપી મતલબી સંસારને માત.

સનાતન સત્ય છે પરિવાર જ હોય જીવનનો આધાર,
સર્વને હોય વ્યક્તિગત કારોબાર ના આપ તુ અન્યને પોતાનો ભાર.

હરહંમેશ ના રાખ અપેક્ષા કે દે પોતીકા "સાથ",
એકવાર કરી સાહસ બની જો પોતે પોતાનો નાથ.

સમય સાથે સ્વથી સ્વજનનો થશે જો અનુરાગ,
જીવન તારું બની જશે ફરી મહેકતો બાગ.

# આશા

કોઈની જોવાય છે વાટ અંહી,,
કોઈની છે મનને આશા..

હોઠ તો રાખ્યા છે બંધ અમે પણ,
બોલાય છે નયનોની ભાષા..

શેરીની ધૂળમાં અટવાયેલા પગલાને,
શોધવામાં જ જન્મારો કાઢશું..

ભીનેરા વાદળ ની ભૂમિ માં જઈને,
યાદોને થોડીક આજ ઉગાડશુ

પાન બની પાંખ ફૂટે મનની લીલુડી,
આશાનાં પીંછાઓ રંગીન ફૂલ...

ઈંતજાર માં તારા ધૂળ સાથે બંધાવવાની,
કરવી નથી હવે મારે કોઈ ભૂલ..

હૈયાંને હામ બહું દીધી હવે તો,
મનને દિલાસા આપું શા - શા?

કોઈની જોવાય છે વાટ અંહી,
કોઈની છે મનને એક આશા...



મિત્તલ પુરોહિત (મુસ્કાન)

# લટકુડી

કારણ વગરની છોકરી બહુ ચાંપલી હતી,
માથા ઉપરની એક લટ પણ વાંકડી હતી!

ખંજન પડે છે ગાલ પરને હોઠ લાલ છે,
બાબત ગમેલી કેટલી ત્યાં સામટી હતી!

મનમાં હતું કે આજ તો એને પૂછી લઉં!
ઈચ્છા પ્રબળ તો એટલી હા ફાંકડી હતી.

શરબત ભરેલો ગ્લાસ એ લાવી હતી અને..!
પીધા વગરની મોજ હાલત આપણી હતી.

ગુસ્તાખ દિલની આ દશા એથી ઉદાસ છે!
ઈચ્છા કૂખેથી શું જણે જે વાંઝણી હતી.

પ્રેમી તરીકે એમને ચાહી ચૂક્યો હતો,
અંતે કહે છે એમ એ કે લાગણી હતી!



બ્રિજ પાઠક, વડોદરા

# કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ - સાવલી

**NABH માન્ય**



## આપણી સંસ્કૃતિના મૂળમાં રહેલા આયુર્વેદિક ઉપચારો દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યને પામીએ!

**Ayurvedic Care for a Harmonious Life.**

હવે દરેક સ્વાસ્થ્ય સમસ્યાનો આયુર્વેદિક ઉપચાર
કાશીબા આયુર્વેદિક હોસ્પિટલમાં.

- વૈજ્ઞાનિક રીતે માન્ય અને પરંપરાગત આયુર્વેદિક ઉપચારો
- નિષ્ણાંત વૈધ-તબીબો દ્વારા વ્યક્તિગત સારવાર
- શરીર, મન અને આત્માનું સંપૂર્ણ આરોગ્ય

પંચકર્મ | હર્બલ થેરાપી | પૌષ્ટિક ડાયેટ

## આયુર્વેદ સાથે સ્વાસ્થ્યની નવી ઊંચાઈઓ પર પહોંચો!



**ધર્મેશ ભાનુપ્રસાદ પંડ્યા**
(મેનેજીંગ ટ્રસ્ટી)

KJIT કેમ્પસ, ITI-નવી કોર્ટ સામે,
સાવલી, જી.વડોદરા

વધુ માહિતી માટે સંપર્ક:
02667-290541, 757 304 1994

www.kjiar.edu.in/kashiba

# અનુકંપા

-તંત્રીશ્રી, રાજેશ પંડ્યા " રાજ "



આદિવાસી પટ્ટી તરીકે ગુજરાતના અમુક જિલ્લા આજે પણ જાણીતા છે. છોટા ઉદેપુર અને અલીરાજપુર વચ્ચે એક ખેતરાળ ગામની વાત છે.

સુનીતા અને દિશા બંને પિત્રાઇ બહેનો. નજીકના ખેતરોમાં ઉછરી અને બંને મોટાં થયેલા હતાં. એકબીજાને  થોડાં-વધારે પરિચિત પણ હતાં. એકબીજા માટે સારી લાગણી ધરાવતા હતાં. એકવાર તળાવમાં બંને નહાવા પડેલાં, એક પાણીનો સાપ સુનીતા પાસે આવી જતાં, સુનીતા તેનાથી બચવા ડૂબકી લગાવતાં ડૂબી જવાની તૈયારીમાં હતી પણ દિશાએ હિંમત દાખવી અને એને બચાવી લીધી હતી. આ રીતે એકબીજા માટે સાચી લાગણીઓથી બંને જોડે મોટી થઇ હતી. બંનેના લગ્ન પણ નજીકના ગામમાં થયેલ. બંનેને સારા દિવસો પણ સાથે રહેલ.

પ્રસુતિ નો સમય પણ એક જ દિવસ અંતરે આવ્યો. દિશાને પ્રસુતિ દરમ્યાન લોહી વધારે નીકળી જવાથી અને ગર્ભાશય કાઢી નાંખવું  જ પડે એવી ગાંઠ હોવાથી માંડ માંડ એના બાળકની પ્રસુતિ થઇ હતી. દિશાની હાલત સાવ નબળી હતી. બંનેએ દીકરાને જન્મ આપ્યો. નજીકની હોસ્પિટલમાં જોડે જોડે જ ખાટલા હતાં. બંને રાતે નવજાત શિશુને સોડમાં લઈ સૂઈ ગયાં હતાં.

થોડીવાર થઇ હશે અને ત્રણ જંગલી કુતરાઓ ખુલ્લા બારણામાંથી અંદર આવી અને બંને નવજાતને મોંમાં ઉઠાવી અને નજીકની ઝાડીમાં ખેંચી ગયાં. હોસ્પિટલનો સ્ટાફ પાછળ દોડયો, અડધો કલાકે બંને ઘાયલ લોહીલુહાણ નવજાતને પાછા લવાયા. દિશાના બાળકની હાલત વધારે કફોડી હતી, સુનીતાનું બાળક સારવાર આપતા બચી જશે એવું ડોક્ટર કહેતા હતાં. બે દિવસ દિશાએ સતત રો..રો  કર્યું પણ ડોક્ટર એના બાળકને બચાવી શકયાં નહિ.

આ સાંભળી દિશાએ હૈયાફાટ રૂદન ચાલુ કર્યું, ઘરનાં બધાં એને સમજાવી થાકી ગયાં, એને કુખ પણ ગઇ અને કુખમાં રમનાર પણ ગયો હતો. દિશાએ હોસ્પિટલમાં જ રાતે બાથરૂમમાં જઇ અને વેન્ટિલેટરના કાચના અડધા ટુકડા વડે આપઘાતનો પ્રયાસ કર્યો, ચીસો પાડી એટલે સ્ટાફ બધો ભેગો થઇ ગયો, માંડ માંડ એને બચાવી.

સુનીતા સ્વભાવે ખુબ લાગણીશીલ હતી, પોતાની બહેનની આ હાલત જોઇ અને એ વિચારે ચઢી જતી હતી, એને ખબર પડી ગઇ કે દિશા કંઇ કરી બેસશે એ નક્કી છે. સુનીતા એ પોતાના વહાલસોયા પણ માથે પાટો બાંધેલ અને ઘસઘસાટ ઊંઘમાં એવા બાળકને જોયું, આંખમાં આંસુ રોકી ન શકાય એના કાળજાંનો રંગ કંઈ અલગ જ મિજાજમાં દેખાતો હોય એમ એણે ઘરના સભ્યોની હાજરીમાં પોતાનું બાળક, અર્ધ બેભાન અવસ્થામાં દેખાતી દિશાના પડખામાં મૂકી દીધું અને બોલી કે આજથી તું આની મા. માતાજીની કૃપાથી મને બીજું બાળક થશે પણ એક મા ને હું આ સ્થિતિમાં જોઇ શકતી નથી. મારો નિર્ણય મેં જોઇ વિચારીને લીધો છે, એ હું બદલવાની નથી.

દિશા બીજે દિવસે થોડી સહન કરતી ઓછી થઇ, એક અઠવાડિયા પછી એણે સુનીતાને કહ્યું કે તારો મોન્ટુ તું તારી પાસે લઇ લે, હું જીવનભર બધું વેઠી લઇશ. સુનીતાએ સ્પષ્ટ ના પાડી. હાલ મોન્ટુ એક જ ગામમાં બંને માતાઓ વચ્ચે ઉછરીને મોટો થાય છે.બંને બહેનો એની ખુબજ કાળજી લે છે. માનવતા,લાગણી,પ્રેમ હજુ ગરીબ કોમમાં કે ગામડાઓમાં મરી પરવાર્યા તો નથી કદાચ......શહેરોમાં..?

# SHIVAM PARTY PLOT







**Proprietor : BHAUMIK JOSHI**

## SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

ISO 9001 : 2015 CERTIFIED

## Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)








**Trustee Names**

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

ISO 9001 : 2015 CERTIFIED

# Donald Kids

**Nursery, Junior KG, Senior KG**

(English, ગુજરાતી Medium)





## Managing Committee

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

**Opp. Yash Complex, Nr. Pushpam Society,**
**Opp. Shivam Party Plot, Gotri, Vadodara.**

# MALHAAR
SPORTS ACADEMY

**CRICKET**
**FOOTBALL**
**TENNIS**
**BADMINTON**

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

**PROPRIETOR : BHAUMIK JOSHI**

**C/o. Shivam Party Plot**
**Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara**

# જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા શ્રી કમલેશભાઈ પાઠક, પ્રમુખશ્રીના માર્ગદર્શન હેઠળ સમાજના વિધવા ત્યકતા મહિલાઓ, મધ્યમ અને જરૂરિયાતમંદ કુટુંબોને મદદરૂપ થવા જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના શરૂ કરવામાં આવી છે. અન્ન (અનાજ કીટ) સહાય કમિટીના સભ્યો - શ્રી જયંત શુક્લ, શ્રી જયંત જોષી, શ્રી યોગેશ શુક્લ, શ્રી પ્રવિણ પુરોહિત, શ્રી રાજેશ પંડ્યા અને પ્રો. હાર્દિક શુક્લના સહકારથી જરૂરિયાતમંદ ૨૩ (ત્રેવીસ) પરિવારોને અનાજની ( ઘઉં, ચોખા, દાળ, તેલ, ખાંડ, ગોળ, ચા, મસાલા) કીટ આપવામાં આવી છે. આ પરિવારોને ઘરે જ મળે તેવી વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી હતી. અમદાવાદ, ગોધરા, વિરપુર, પેથાપુર, લુણાવાડા અને મુંબઈ શહેર/ ગામના પરિવારોને પહોચાડવામાં આવી છે. હજુ વધુ પરિવારો સુધી પહોંચવાનો ધ્યેય છે. આ અભિયાનને સફળ બનાવવા માટે શ્રી બંધુઓ તરફથી જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના અને શિક્ષણ / કેળવણી સહાય યોજના માટે નીચે મુજબ આર્થિક યોગદાન (Donation ) મળેલ છે.

**૧. જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના માટે :-**

(૧) રૂ. ૨૧૦૦૦/- હેમલતાબેન મનહરપ્રસાદ દવે મોટી કાંટડી/ અમદાવાદ
(૨) રૂ. ૫૦૦૧/- શ્રીમતી પ્રફુલ્લાબેન કુમુદચંદ્ર દવે, અમદાવાદ
(૩) રૂ. ૫૦૦૦/- શ્રી વિનોદચંદ્ર સી. જોષી, વડોદરા
(૪) રૂ. ૫૦૦૦/- શ્રી કલ્પેશભાઈ હર્ષદરાય પાઠક, ગાંધીનગર
(૫) રૂ. ૫૦૦૦/- શ્રી જીતેન્દ્રભાઈ ધનસુખરામ દવે, ગાંધીનગર
(૬) રૂ. ૫૦૦૦/- સુશ્રી પારૂલબેન વિનયકાંત દવે, અમદાવાદ
(૭) રૂ. ૨૦૦૦/- શ્રી રિધિશભાઈ પંડ્યા, અમદાવાદ
(૮) રૂ. ૧૦૦૧/- શ્રી બંકિમભાઈ રમણલાલ પુરાણી, વડોદરા
(૯) રૂ. ૧૦૦૦/- શ્રી ઉદયભાઈ શાસ્ત્રી, અમદાવાદ
(૧૦) રૂ. ૧૦૦૦/- શ્રી રિધ્ધિશભાઈ પંડ્યા, અમદાવાદ
(૧૧) રૂ. ૧૦૦૦/- સુશ્રી કાશ્મિરાબેન પાઠક, ગોધરા
(૧૨) રૂ. ૨૦૦૦/- શ્રી કલ્પેશભાઈ પાઠક, ગાંધીનગર
(૧૩) રૂ. ૧૦૦૦/- ડૉ. વનશ્રી શુક્લ, અમદાવાદ
(૧૪) રૂ. ૧૦૦૦/- શ્રી જનકભાઈ પાઠક, લુણાવાડા
(૧૫) રૂ. ૧૦૦૦/- શ્રી મુકેશભાઈ શાસ્ત્રી, અમદાવાદ
(૧૬) રૂ. ૧૦૦૦/- સુશ્રી લીનાબેન શુક્લ, અમદાવાદ
(૧૭) રૂ. ૧૦૦૦/- સુશ્રી રશ્મિકાબેન મયુરકુમાર શુક્લ, અમદાવાદ
(૧૮) રૂ. ૧૦૦૦/- સુશ્રી ભાર્ગવીબેન અગ્નિહોત્રી, અમદાવાદ
(૧૯) રૂ. ૧૧૧૧/- ડૉ. કોકીલભાઈ દવે, અમદાવાદ
(૨૦) રૂ. ૨૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત, વડોદરા
(૨૧) રૂ. ૧૦૦૦/- શ્રી પંકજભાઈ શુક્લ, અમદાવાદ
(૨૨) રૂ. ૧૧૧૧/- ગુપ્ત દાન
(૨૩) રૂ. ૧૦૦૦/- શ્રી ધર્મેન્દ્રભાઈ શુક્લ, વડોદરા
(૨૪) રૂ. ૫૦૦૦/- સુશ્રી કલાબેન કનુપ્રસાદ પાઠક, વડોદરા

(૨૫) રૂ. ૧૦૦૦/- શ્રી ભરતભાઈ દવે, આણંદ
(૨૬) રૂ. ૨૦૦૦/- સુશ્રી નીલાબેન નિરંજનભાઈ શુક્લ, અમદાવાદ
(૨૭) રૂ. ૧૦૦૦/- શ્રી દિપકભાઈ ટી. દવે
(૨૮) રૂ. ૧૦૦૧/- શ્રી દેવાંગભાઈ પ્રવિણચંદ્ર દવે, અમદાવાદ
(૨૯) રૂ. ૨૦૦૧/- શ્રી વિપુલભાઈ વી. દવે, અમદાવાદ
(૩૦) રૂ. ૨૦૦૦/- ગુપ્ત દાન
(૩૧)રૂ. ૧૦૦૦/- સુશ્રી નલિનીબેન પ્રવિણભાઈ ભટ્ટ, અમદાવાદ
(૩૨) રૂ. ૧૦૦૦/- સુશ્રી દર્શનાબેન દિપકભાઈ શુક્લ, અમદાવાદ
(૩૩) રૂ. ૧૧૧૧/- સ્વ. મંદાકિનીબેન ગિરીશભાઈ શુક્લ ના સ્મરણાર્થે
(૩૪) રૂ. ૧૦૦૦/- શ્રી આર. એમ. પંડ્યા, અમદાવાદ
(૩૫) રૂ. ૧૦૦૦/- શ્રી અતુલભાઈ મધુસૂદન ભટ્ટ, અમદાવાદ
(૩૬)રૂ. ૬૦૦૦/- સુશ્રી ગીતાબેન ભીખાભાઈ પંડ્યા
(૩૭) રૂ. ૬૦૦૦/- શ્રી બી. કે. પંડ્યા
(૩૮)રૂ. ૧૦૦૦/- શ્રી તેજસભાઇ એચ. પુરોહિત
(૩૯)રૂ. ૧૦૦૦/- સુશ્રી પૂર્ણિમાબેન ડી. જોષી
(૪૦) રૂ. ૪૪૦૦/- ગુપ્ત દાન
(૪૧) રૂ. ૧૧૦૦/- ગુપ્ત દાન
(૪૨) રૂ. ૫૦૦૦/- પૂ. સુશીલાબેન જયકુમાર શુક્લ, અમદાવાદ
(૪૩) રૂ.૧૧૦૦૦/- શ્રી મિહિરભાઈ પંડ્યા, અમદાવાદ
(૪૪) રૂ.૧૦૦૦/- શ્રી મિરાત મહેશભાઈ દવે
(૪૫) રૂ.૧૦૦૦/- સુશ્રી મૈત્રી મિરાત દવે.
(૪૬) રૂ.૧૦૦૦/- સુશ્રી કિંજલબેન હર્ષિલકુમાર શુક્લ, યુએસએ
(૪૭) રૂ. ૧૨૫૦૦/- ગુપ્તદાન
(૪૮) રૂ. ૨૦૦૦/- ગુપ્તદાન

**૨. શિક્ષણ / કેળવણી સહાય યોજના માટે -**

(૧) રૂ. ૫૧,૦૦૦/- ડૉ. કેતનભાઈ શુક્લ અને ડૉ. રિધ્ધિબેન શુક્લ અમદાવાદ
(૨) રૂ. ૫૦૦૦/- રૂજુ અજીતભાઈ વ્યાસ
(૩) રૂ. ૫૦૦૦/- સ્વ. ભગવતીબેન પ્રદ્યુમનભાઈ જોષી ના સ્મરણાર્થે શ્રી પ્રશાંતભાઈ જોષી, અમદાવાદ
(૪) રૂ. ૫૦૦૦/- સુશ્રી પારૂલબેન વિનયકાંત દવે, અમદાવાદ
(૫) રૂ. ૫૦૦૦/- સુશ્રી ઉદીતાબેન શુક્લ, અમદાવાદ
(૬) રૂ.૨૧૦૦/- શ્રી જયંતભાઈ શુક્લ, વડોદરા/અમદાવાદ
(૭) રૂ.૧૧૧૧/- શ્રી શ્યામસુંદર એસ. જોશી

જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના અને શિક્ષણ / કેળવણી સહાય યોજના માટે આર્થિક યોગદાન આપનાર શ્રી બંધુ, તેમજ એક ગુપ્ત દાતા તરીકે ચોખાનું યોગદાન આપનાર અને ગુપ્ત દાન આપનાર સર્વેનો સમાજ લાગણીસભર આભાર વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં સમાજને વધુ ને વધુ શ્રી બંધુઓનો સાથ અને સહકાર મળી રહેશે તેવી અપેક્ષા સહ કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીની કૃપા દ્રષ્ટિ સૌની ઉપર બની રહે તેવી પ્રાર્થના.

**અન્નદાન એ મહાદાન. વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન.આભાર.**

-જયંતભાઈ પી. શુક્લ-કન્વીનર, જીવન નિર્વાહ અન્ન સહાય સમિતિ

સમસ્ત શ્રીગોડ સમાજ, ગુજરાત દ્વારા એજ્યુકેશન સહાય યોજનામાં 71 વિદ્યાર્થીઓને સહાય પહોંચાડવામાં આવી છે. આ શરૂઆત છે, વધુ દાતાઓનો સહયોગ મળતો રહે એવી એક અપીલ અમારી શ્રી કાર્યકરો થકી કરવામાં આવે છે. સમાજના જરૂરિયાત વાળા કુટુંબોના સંતાનો ભણીને આગળ આવે તો એ ભવિષ્યમાં સમાજની ઉન્નતિ જ ગણાય. આ શુભ હેતુ માટે વધુને વધુ સહયોગ મળી રહે એ માટે સમાજના શ્રેષ્ઠીઓ અંગત રસ લે એવી એક અમારી શ્રી ટીમની અપીલ છે.

નોંધપાત્ર બાબત એ છે કે કેજી થી લઈને યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય આપવામાં આવી છે. સહાય વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે.

- જયંતભાઈ પી. શુક્લ-કન્વીનર

# ખુશીનું વૈદુ

- પેશાબના દર્દી માટે સાટોડી અને ગોખરુનો ઉકાળો કાયમ માટે લાભપ્રદ સાબિત થાય છે.
- રાતે અનિન્દ્રાની તકલીફ માટે ચપટી ગંઠોડા, સોપારીભાર ગોળ, એક ચમચી ઘી નો ઉકાળો પીવાથી ઘસઘસાટ ઊંઘ આવશે.
- કોલેસ્ટ્રોલ અને ડાયાબીટીશની તકલીફ માટે રાતે વીસ દાણા મેથીના પલાળી અને સવારે ચાવી જવાથી ખૂબ ફાયદો થાય છે.
- હિમોગ્લોબીન વધારવા માટે બે ખજુરની પેશી રાતે પલાળી સવારે મસળી, એ પાણી પીવાથી ઘણો ફાયદો થાય છે.
- ત્રિફળા હંમેશા અનેક રોગોથી મુક્ત કરનાર ગણાય છે. કબજિયાત ન રહે તો રોગ પણ ઓછા થાય છે.
- ઘઉના જવારા અને ગૌમૂત્ર અર્ક ભેગાં લેવાથી કેન્સરમાં અને અસાધ્ય રોગોમાં હંમેશા ફાયદો થાય છે.
- ગાજરનો રસ એક દિવસ અંતરે લેવાથી પાછળની ઉંમરમાં અંગોની તકલીફો લગભગ રહેતી નથી. પેશાબના દર્દી, હ્યદય રોગ લગભગ દુર થાય છે. આંખો માટે હિતકારી છે.
- ઉનાળામાં શરીરની ગરમીથી રાહત મેળવવા જીરૂ, વરિયાળી અને કાળી દ્રાક્ષ પલાળી રાખી મસળીને પીવાથી ગરમીમાં ખૂબ જ રાહત મળે છે.

# આશ્ચર્યમ્

-દિગીશ દવે

🛕 **1. આંધ્ર પ્રદેશ -** લેપાક્ષી મંદિરનું એક સ્તંભ જમીનને સ્પર્શ કરતું નથી — તે હવામાં લટકતું લાગે છે!

🌄 **2. અરૂણાચલ પ્રદેશ -** ડોંગ ગામ ભારતનો **સૌપ્રથમ સૂર્યોદય** જોવા મળતો સ્થળ છે.

🧵 **3. આસામ -** દુનિયાભરમાં માત્ર આસામમાં જ **મૂગા રેશમ** બનતું હોય છે — જેના રેશમમાં કુદરતી સોનરી ચમક હોય છે.

🐄 **4. બિહાર -** પ્રાચીન **નાલંદા યુનિવર્સિટી** વિશ્વની સૌથી પહેલાની રેસિડેન્શિયલ યુનિવર્સિટીઓમાંથી એક હતી, જેમાં 10,000થી વધુ વિદ્યાર્થી ભણતા.

🏞️ **5. છત્તીસગઢ - ચિતરકોટ ઝરણો**ને "ભારતનું નાયાગરા" કહેવામાં આવે છે — કારણ કે તે ભારતનો સૌથી પહોળો ઝરણો છે.

🦜 **6. ગોવા -** બીચ થી આગળ પણ ગોવા છે — અહીં 400થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ જોવા મળે છે.

⛏️ **7. ગુજરાત -** ગુજરાતમાં રહેતી **સિદ્દી સમુદાય**ના લોકોની વંશાવળી આફ્રિકા સુધી જાય છે — તેઓ લગભગ 800 વર્ષ પહેલાં ભારતમાં વસ્યા હતા.

🎭 **8. હરિયાણા -** દશેરાના સમયમાં રાવણ દહનની પરંપરા **કર્ણાલ શહેર**માં શરૂ થઈ હતી.

🏔️ **9. હિમાચલ પ્રદેશ - મલાણા ગામના લોકો** માને છે કે તેઓ અલેક્ઝાન્ડર મહાનના સૈનિકોના વંશજ છે, અને તેમનું શાસન જૂના ગ્રીક લોકશાહી પ્રમાણે ચાલે છે.

📚 **10. ઝારખંડ -**ભારતમાં એકમાત્ર **આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું મ્યુઝિયમ** રાંચી શહેરમાં આવેલું છે.

🔮 **11. કર્નાટક -**કોર્સ્ટલ કર્નાટકમાં **કુડલા કેલેન્ડર**માં **8 ઋતુઓ** ગણવામાં આવે છે — સામાન્ય 4થી પણ વધુ!

🌺 **12. કેરળ - કોડુંગલ્લુર શહેર**માં દુનિયાની સૌથી જૂની **યહૂદી શિવા (સિનાગોગ)** રહી ચુકી છે.

🎨 **13. મધ્ય પ્રદેશ - ભીમબેટકા ગુફાઓ**માં દ્રશ્યકળાના ઉદાહરણો 30,000 વર્ષ જૂના છે — પિરામિડ્સથી પણ જૂના!

💃 **14. મહારાષ્ટ્ર - લોનાર સરોવર** એક મહાકાય ગ્રહના પથ્થરનાં અથડામણથી ઊભું થયું હતું — દુનિયાની માત્ર ચાર હાયપેર અલ્કલાઇન સરોવરોમાંથી એક છે.

🐎 **15. મણિપુર -** પોલો રમતની ઉદભવભૂમિ — મણિપુરની પરંપરાગત રમત **સાગોલ કાંજેઈ**થી આધુનિક પોલો વિકસ્યું.

🌧️ **16. મેઘાલય -** વિશ્વનું સૌથી વધારે વરસાદ થતું સ્થળ — **માવસિનરામ**, જ્યાં વર્ષે ~11,000mm જેટલો વરસાદ પડે છે!

🌿 **17. મિઝોરમ - ભારતમાં સૌથી વધુ સાક્ષરતા ધરાવતું રાજ્ય** — લગભગ 92%થી વધુ સાક્ષરતા દર!

🎉 **18. નાગાલેન્ડ -** અહીં **16થી વધુ આદિવાસી જાતિઓ** વસે છે, દરેકની અલગ ભાષા અને સંસ્કૃતિ છે.

🌊 **19. ઓડિશા - ચિલિકા સરોવર** એ એશિયાનું સૌથી મોટું ખારું પાણી ધરાવતું સરોવર છે — અહીં દુર્લભ ઇરાવડી ડોલ્ફિન્સ જોવા મળે છે.

🛕 **20. પંજાબ -** અમૃતસરના **સ્વર્ણ મંદિર**માં વિશ્વનું સૌથી મોટું લંગર ચાલે છે — દરરોજ 1 લાખથી વધુ લોકોને ભોજન આપવામાં આવે છે.

👻 **21. રાજસ્થાન - ભાનગઢ કિલ્લો** એ ASI દ્વારા "હાઉન્ટેડ" જાહેર કરાયેલો છે — સાંજ પછી પ્રવેશની મનાઇ છે!

🌱 **22. સિક્કિમ -** ભારતનું **પ્રથમ ઓર્ગેનિક રાજ્ય** — 100% ખેડૂતોએ ઓર્ગેનિક ખેતી અપનાવી છે.

🌉 **23. તમિલનાડુ - કલ્લાણાઈ બંધ** દુનિયાનો સૌથી જૂનો કાર્યરત બંધ છે — આશરે 2,000 વર્ષ જૂનો!

🧱 **24. તેલંગાણા - રામપ્પા મંદિરના ઇંટો "તતી" છે** — એટલે કે હલકી અને તરતી — જેને ભૂકંપપ્રતિરોધક બનાવે છે.

🗿 **25. ત્રિપુરા - ઉનાકોટિ પર્વત** પર હજારો વર્ષ જૂની પથ્થર કોતરwork છે — ભગવાન શિવના હજારો શિલ્પો છે.

🕉️ **26. ઉત્તર પ્રદેશ -** પ્રયાગરાજમાં યોજાતું **કુંભ મેળો** વિશ્વનો સૌથી મોટો માનવ મેળાવો છે

🌳 **27. ઉત્તરાખંડ - ચીપકો આંદોલન** — ભારતનું પ્રથમ પ્રખ્યાત પર્યાવરણ બચાવ આંદોલન — અહીંથી જ શરૂ થયું.

🐅 **28. પશ્ચિમ બંગાળ - સુંદરબન** દુનિયાનો સૌથી મોટો મૅન્ગ્રોવ જંગલ છે — અહીંના **વાઘ તરવું પણ જાણે છે!**

# "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગ્રૂપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬

(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭

(૩) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭

(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧

(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦

(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪

(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮

(૮) શ્રી ઉદયભાઈ શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯

(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧

(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯

(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬

(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ) ૯૦૯૯૦૨૯૦૭૯

(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ) ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભ કામમા સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગૃપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| जय श्री महालक्ष्मी माता प्रसंन्नोस्तुः ||

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

## પ્રમુખ શ્રી કમલેશભાઈ એસ પાઠક,અમદાવાદ
## મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ
## ખજાનચી શ્રી પ્રવીણભાઈ વી પૂરોહિત ,અમદાવાદ

તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ‘ રાજ’ (અમદાવાદ)

**ટ્રસ્ટી મંડળ**

૧. શ્રી જયંતભાઈ જી. જોષી,ગાંધીનગર
૨. શ્રી ધર્મેશભાઈ બી. પંડ્યા,વડોદરા
૩. શ્રી ધ્રુવભાઈ જે. જોષી,વડોદરા
૪. શ્રી મિહિરભાઈ આર. પંડયા,અમદાવાદ
૫. શ્રી વિપુલભાઈ જે. ભટ્ટ,અમદાવાદ
૬. શ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક, શહેરા
૭. શ્રી કુમુદભાઈ એ. દવે,અમદાવાદ
૮. શ્રી પંકજભાઈ એમ. શુકલ,અમદાવાદ
૯. શ્રી સ્મિતલભાઈ કે. પંડિત, અમદાવાદ
૧૦. શ્રી કેયુરભાઈ શાસ્ત્રી,અમદાવાદ
૧૧. શ્રી હેતલકુમાર આર. શુકલ,અમદાવાદ

**જિલ્લા / વિસ્તાર પ્રમાણે કારોબારી સભ્યો :-**
**અમદાવાદ, ગાંધીનગર, ઉત્તર ગુજરાત**

૧ શ્રી ધ્રુવ શુક્લ (અમદાવાદ)
૨ શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ)
૩. શ્રી દિગીશ દવે (અમદાવાદ)
૪. શ્રી અમિત જોષી (અમદાવાદ)
૫. શ્રી રાજેશ પંડ્યા (અમદાવાદ)
૬. શ્રી જીજ્ઞેશ પંડિત (અમદાવાદ)
૭. શ્રી વર્ષિલ શુક્લ (ગાંધીનગર)
૮. શ્રી જયેશ ભટ્ટ (અમદાવાદ)
૯. શ્રી નિરવ દવે (અમદાવાદ)
૧૦. શ્રી રાજેશ દવે (અમદાવાદ)
૧૧. શ્રી હાર્દિક શુક્લ (ગાંધીનગર)
૧૨. શ્રી આશિષ જોષી (અમદાવાદ)
૧૩. શ્રી અલ્પેશ ઉપાધ્યાય (અમદાવાદ)
૧૪. શ્રી અતુલભાઈ પાઠક (અમદાવાદ)
૧૫. ડો. શ્રી પ્રશાંતભાઈ જોષી (અમદાવાદ)
૧૬. શ્રી મુકેશભાઈ પુરોહિત (અમદાવાદ)
૧૭. શ્રી મયંકભાઈ શુક્લ (અમદાવાદ)
૧૮. શ્રી જયંતભાઈ શુક્લ ( અમદાવાદ)

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લો**

૧. શ્રી પ્રશાંતભાઈ પાઠક -
૨. શ્રી આશિષભાઈ પાઠક
૩. શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત
૪. શ્રી વિપુલભાઈ પંડ્યા
૫. શ્રી વિમલભાઈ ત્રિવેદી
૬. શ્રી જયેન્દ્રભાઈ દવે
૭. શ્રી કિરીટભાઈ શુક્લ

**દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ)**

૧. શ્રી કિરીટભાઈ જોષી (ભરૂચ)
૨. શ્રી તેજસભાઈ શુક્લ (સુરત)
૩. શ્રી હરદિપ પાઠક (સુરત )

**મહિસાગર, પંચમહાલ, દાહોદ જિલ્લા (દાહોદ, ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા)**

૧. શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય (કોઠંબા)
૨. શ્રી કૃતાર્થ જોષી (દાહોદ)
૩. શ્રી ભાવેશભાઈ જોષી (ગોધરા)
૪. શ્રી અંકુર ઉપાધ્યાય (કાલોલ)
૫. શ્રી સંદીપભાઈ દેવાશ્રયી (લુણાવાડા)

**ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત)**

૧. શ્રી મહેશભાઈ ઉપાધ્યાય (ડાકોર)
૨. શ્રી પંકજભાઈ પુરોહિત (આણંદ)
૩. શ્રી ભરતભાઈ દવે (આણંદ )
૪. શ્રી હેમંતભાઈ પુરોહિત (આણંદ )
૫. શ્રી માર્તંડભાઈ પાઠક (ખંભાત)
૬. શ્રી ભાવિનભાઈ ભટ્ટ (ખંભાત)

**મહિલા પ્રતિનિધિ**

૧. સુશ્રી રશ્મિબેન દવે (અમદાવાદ)
૨. સુશ્રી પારુલ દવે (અમદાવાદ)
૩. સુશ્રી શેફાલી ઉપાધ્યાય (કાલોલ)
૪. સુશ્રી ભાર્ગવીબેન અગ્નિહોત્રી(અમદાવાદ)

# SAMAST SHRIGAUD SAMAJ GUJARAT

## Balance Sheet as on 31-03-2024

| Liabilities | 31-03-2023 | 31-03-2024 | Assets | 31-03-2023 | 31-03-2024 |
|---|---|---|---|---|---|
| **Capital Account** | | | **Fixed Assets** | | |
| General Welfare Fund | 11,64,711=00 | 13,69,926=00 | Furniture | 21,330=00 | 21,330=00 |
| Life membership fees fund | 4,13,408=00 | 4,14,408=00 | | | |
| **Excess Income Over Expenditure** | | | **Investments** | | |
| Opening Bal. 7448=39 | 7448=39 | 8671=59 | State Bank of India | 11,48,000=00 | 12,48,000=00 |
| Current Bal. 1223=20 | | | FDR | 2,75,856=00 | 2,75,856=00 |
| | | | Bank of India FDR | | |
| | | | **Current Assets** | | |
| | | | Cash in Hand | 16,063=00 | 10,890=00 |
| | | | **Bank Accounts** | | |
| | | | SBI Saving A/c | 67,083=68 | 1,54,961=88 |
| | | | BOI Saving A/c | 15,353=51 | 44,784=51 |
| | | | Cosmos Saving A/c | 20,917=20 | 8,636=20 |
| | | | Dev Auram AMC | 5,000=00 | 5,000=00 |
| | | | Fund | 10,225=00 | 10,225=00 |
| | | | Dev Auram Corpus | 5,739=00 | 5,739=00 |
| | | | Fund | - | 7,583=00 |
| | | | TDS 2022-23 | | |
| | | | TDS 2023-24 | | |
| **Total** | **15,85,567=39** | **17,93,005=39** | **Total** | **15,85,567=39** | **17,93,005=39** |

# SAMAST SHRIGAUD SAMAJ GUJARAT

## Income & Expenditure Statement 01-04-2023 to 31-03-2024

| Expenditure | 31-03-2023 | 31-03-2024 | Income | 31-03-2023 | 31-03-2024 |
|---|---|---|---|---|---|
| Bank Charges | 404=00 | 70=80 | Bank Interest FDR | 70,403=00 | 80,894=00 |
| Charity Com. Cont. | 9,661=00 | - | Jagruti : Advertise Income | 2,400=00 | - |
| Electric Bill Exp. | 10,000=00 | 10,000=00 | Knee Brace Camp Receipt | 76,702=00 | - |
| Jagaruti Publishing Exp. | 12,500=00 | - | Saving Bank Interest | 4,750=00 | 4,885=00 |
| Knee Brace Camp Exp. | 33,900=00 | - | Sharadotsav Receipt | 93,581=00 | 1,12,102=00 |
| Legal Exp. | 2,400=00 | - | Excess of Exp. Over Income | 9,574=00 | - |
| Meeting Exp. | 29,829=00 | 1,180=00 | | | |
| Municipal Tax | 18,042=00 | 21,331=00 | | | |
| Office Maintenance Dev Auram | 31,970=00 | 24,836=00 | | | |
| Sharadotsav Exp. | 93,880=00 | 87,725=00 | | | |
| Stationary Exp. | 809=00 | 4,690=00 | | | |
| TDS 2019-20 to 2021-22 | 14,015=00 | - | | | |
| Audit Fee | - | 10,000=00 | | | |
| Donation | - | 6,100=00 | | | |
| Admin Exp. | - | 28,225=00 | | | |
| Office Exp. | - | 2,500=00 | | | |
| Excess Income over Exp. | - | 1,223=20 | | | |
| **Total** | **2,57,410=00** | **1,97,881=00** | **Total** | **2,57,410=00** | **1,97,881=00** |

# SAMAST SHRIGAUD SAMAJ GUJARAT

## Balance Sheet as on 31-03-2025

| Liabilities | 31-03-2024 | 31-03-2025 | Assets | 31-03-2024 | 31-03-2025 |
|---|---|---|---|---|---|
| **Capital Account**<br>General Welfare Fund<br>13,69,926=00<br>Edu. (-) 1,02,788=00<br>Ann S. (+) 133=00 | 13,69,926=00 | 12,70,858=00 | **Fixed Assets**<br>Furniture | 21,330=00 | 21,330=00 |
| Life membership fees fund | 4,14,408=00 | 4,15,909=00 | | | |
| **Jagruti Nibhav Fund** | 0=00 | 68,871=00 | **Investments**<br>State Bank of India FDR<br>Bank of India FDR | 12,48,000=00<br>2,75,856=00 | 13,48,000=00<br>2,75,856=00 |
| **Excess Income Over Expenditure**<br>Opening Bal.<br>8,671=59<br>Current Bal. 50,883=38 | 8671=59 | 59,554=97 | **Current Assets**<br>Cash in Hand<br>**Bank Accounts**<br>SBI Saving A/c<br>BOI Saving A/c<br>Cosmos Saving A/c<br>Dev Auram AMC Fund<br>Dev Auram Corpus Fund<br>TDS 2022-23<br>TDS 2023-24 | 10,890=00<br><br>1,54,961=88<br>44,784=51<br>8,636=20<br>5,000=00<br>10,225=00<br>5,739=00<br>7,583=00 | 13,334<br><br>1,00,309=26<br>25,260=51<br>8,636=20<br>5,000=00<br>10,225=00<br>0=00<br>7,242=00 |
| **Total** | **17,93,005=39** | **18,15,192=97** | **Total** | **17,93,005=39** | **18,15,192=97** |

# SAMAST SHRIGAUD SAMAJ GUJARAT

## Income & Expenditure Statement 01-04-2024 to 31-03-2025

| Expenditure | 31-03-2024 | 31-03-2025 | Income | 31-03-2024 | 31-03-2025 |
|---|---|---|---|---|---|
| Bank Charges | 70=80 | 187=62 | Bank Interest FDR | 80,894=00 | 75,678=00 |
| Electric Bill Exp. | 10,000=00 | 10,000=00 | Jagruti : Advertise Income | - | 38,902=00 |
| Jagaruti Publishing Exp. | - | 36,880=00 | Saving Bank Interest | 4,885=00 | 5,105=00 |
| Legal Exp. | - | 11,700=00 | Sharadotsav Receipt | 1,12,102=00 | 1,49,104=00 |
| Meeting Exp. | 1,180=00 | 5,000=00 | | | |
| Municipal Tax | 21,331=00 | 21,744=00 | | | |
| Office Maintenance Dev Auram | 24,836=00 | 14,606=00 | | | |
| Sharadotsav Exp. | 87,725=00 | 99,779=00 | | | |
| Stationary Exp. | 4,690=00 | 1,350=00 | | | |
| Audit Fee | 10,000=00 | 5,900=00 | | | |
| Donation | 6,100=00 | | | | |
| Admin Exp. | 28,225=00 | | | | |
| Office Exp. | 2,500=00 | 10,759=00 | | | |
| Excess Income over Exp. | 1,223=20 | 50,883=38 | | | |
| | | | | | |
| **Total** | **1,97,881=00** | **2,68,789=00** | **Total** | **1,97,881=00** | **2,68,789=00** |

# શ્રદ્ધાંજલિ



## અ. સૌ. મંદાકિનીબેન ગિરીશચંદ્ર શુક્લ

**જન્મ તા. ૧૫/૦૨/૧૯૪૦ શ્રીજી ચરણ તા. ૧૪/૦૮/૨૦૨૪ (શ્રાવણ સુદ નોમ)**

નૈનં છિન્દતિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં કલેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, આગ તેને બાળી શકતી નથી,
પાણી તેને ભીંજવી શકતુ નથી, હવા તેને સુકવી શકતી નથી, આત્મા અમર છે.

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રણામ.

બાલ લીલા પરિવાર - તમારું સરળ જીવન દયાળુ સ્વભાવ, કુટુંબ ભાવનાને ક્યારેય નહીં ભૂલે.

ગિરીશચંદ્ર બાલમુકુંદ શુક્લ. મો. ૯૪૨૮૨ ૪૫૧૦૯
હિમાંશુ ગિરીશચંદ્ર શુક્લ - દર્શના હિમાંશુ શુક્લ
કશ્યપ ગિરીશચંદ્ર શુક્લ - રત્ના કશ્યપ શુક્લ
તન્મય ગિરીશચંદ્ર શુક્લ - અપેક્ષા તન્મય શુક્લ
તથા સમસ્ત બાલ લીલા પરિવાર

# અવસાન નોંધ (ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ )

(૧) સ્વ. વસુમતિબેન જયંતિલાલ શુક્લ, અમદાવાદ

(૨) સ્વ. મંજુલાબહેન પુરોહિત, અમદાવાદ

(૩) સ્વ. હંસાબેન દિલીપભાઈ શુક્લ, લુણાવાડા

(૪) સ્વ. અમિતભાઈ દિલીપભાઈ પાઠક, રાજપીપળા

(૫) સ્વ. ભાનુભાઈ ગૌરીશંકર દવે, અમદાવાદ

(૬) સ્વ. શરદકુમાર અમૃતલાલ ઉપાધ્યાય, કાલોલ

(૭) સ્વ. ભાનુભાઈ ગૌરીશંકર દવે, અમદાવાદ

(૮) સ્વ. મયુરકુમાર મધુસૂદન પંડ્યા, ડાકોર

(૯) સ્વ. નિયંતિકાબેન ભિષ્મભાઈ અગ્નિહોત્રી, અમદાવાદ

(૧૦) સ્વ. કૈલાસબેન રસિકલાલ પંડ્યા, ડાકોર

(૧૧) સ્વ. પિનાકીનીબેન રાજેન્દ્રભાઈ દવે, કાલોલ

(૧૨) સ્વ. ગુણવંતભાઈ ભીખાભાઈ શ્રોત્રીય, કણજરી

(૧૩) સ્વ. સુશીલાબેન મનહરલાલ પંડ્યા, રૂદણ

(૧૪) સ્વ. મધુકાન્તાબેન જીવણલાલ વ્યાસ, કાવિઠા

(૧૫) સ્વ. સુલોચનાબેન ઘનશ્યામલાલ ઉપાધ્યાય, કાલોલ

(૧૬) સ્વ. કેતન ગીરીશભાઈ જોષી, વડોદરા

(૧૭) સ્વ. ભાસ્કરભાઈ શાંતિલાલ દેવાશ્રયી, વડોદરા

(૧૮) સ્વ. મનોરમાબેન ગૌતમભાઈ પાઠક, અમદાવાદ

(૧૯) સ્વ. રજનીકાંત નટવરલાલ પુરાણિક, વડોદરા

(૨૦) સ્વ. પયસ્વીનીબેન જિતેન્દ્રપ્રસાદ શુક્લ, અમદાવાદ

(૨૧) સ્વ. અતુલકુમાર યશવંતરાય જોષી, અમદાવાદ

(૨૨) સ્વ. હાર્દિક કુમાર બિપીનચંદ્ર પંડ્યા, ગોધરા

(૨૩) સ્વ. નૂતનબેન રામશંકર દવે, વડોદરા

(૨૪) સ્વ. રસીકાબેન નરેન્દ્રકુમાર પાઠક, વડોદરા

(૨૫) સ્વ. દિલીપભાઈ કાંતિલાલ પાઠક, જરોદ, વડોદરા

(૨૬) સ્વ. રાધેશ્યામ હીરાલાલ પંડ્યા, નડિયાદ/ મોટી ખડોલ

સૌરાષ્ટ્ર કચ્છ

(૧) સ્વ. હિતેશભાઈ મનહરલાલ દવે, રાજકોટ

(૨) સ્વ. નિશાબેન કમલેશભાઈ ભટ્ટ, જુનાગઢ

(૩) હસુમતીબેન લાલશંકર ભટ્ટ, રાજકોટ

(૪) સ્વ. ઈશ્વરલાલ મગનલાલ ભટ્ટ, જુનાગઢ

(૫) સ્વ. સુધીરભાઈ રસિકલાલ મહેતા, જામનગર

(૬) સ્વ. અનીલભાઈ ગિરજાશંકર જોષી, રાજકોટ

(૭) સ્વ. કિતીબેન નલિનકાંત ભટ્ટ, રાજકોટ

(૮) સ્વ. વિજયાબેન ત્રંબકલાલ દવે, જૂનાગઢ

(૯) સ્વ. ભાઈશંકર અમૃતલાલ ભટ્ટ, ભાવનગર

(૧૦) સ્વ. સુર્ય કાન્તભાઇ લાભશંકરભાઇ જોશી, રાજકોટ

(૧૧) સ્વ. નૈષદભાઈ મનસુખભાઈ જોષી, રાજકોટ

(૧૨) સ્વ. સુરેશચંદ્ર ભાનુશંકર દવે, કેશોદ/ મુંબઈ

(૧૩) સ્વ. જયવલ્લભભાઈ ધનેશ્વરભાઈ ભટ્ટ, ધોરાજી / મુંબઈ

(૧૪) સ્વ. ભરતભાઈ અનંતરાય જોશી, ગોંડલ

(૧૫) સ્વ. સચિન ગમનલાલ દવે, રાજકોટ

(૧૬) સ્વ. આર્યકુમાર જીગ્નેશભાઈ દવે, જૂનાગઢ

(૧૭) સ્વ. જયેશભાઈ નંદલાલભાઈ પંડયા, જામનગર

(૧૮) સ્વ. હર્ષાબેન રમેશચંદ્ર પુરોહિત, જૂનાગઢ

(૧૯) સ્વ. હરેશભાઈ મણીશંકર મહેતા, રાજકોટ

(૨૦) સ્વ. લલિતભાઈ મનસુખલાલ દવે, જુનાગઢ

(૨૧) સ્વ. દિનેશચંદ્ર નાનાલાલ પુરોહિત, જુનાગઢ

(૨૨) સ્વ. યોગિતાબેન હિમાંશુભાઈ ભટ્ટ, ત્રંબા / રાજકોટ

(૨૩) સ્વ. અશોકકુમાર જવાહરલાલ ભટ્ટ, બરવાળા / અમદાવાદ

(૨૪) સ્વ. અનસુયાબેન દિનસુખલાલ જોષી, ગોંડલ

# શ્રીગૌડ સાડત્રીસ સમાજ

શ્રીગૌડ સાડત્રીસ સમાજની નવી ચુંટાયેલીતા ૦૧/૦૪/૨૦૨૫ થી અમલમાં આવતી કારોબારી સભ્યો ની પ્રથમ મિટિંગ તા ૩૦/૦૩/૨૦૨૫ ને રવિવાર ના રોજ પૃથવી હોટલ અમદાવાદ મુકામે મળી હતી જેમાં નવી ટર્મ માટે હોદ્દેદારો ની નિમણૂંક કરવામાં આવી હતી.

શ્રી વિભાકરભાઈ જે. વ્યાસ. - પ્રમુખ
શ્રી અતુલભાઈ સી. પંડિત. - ઉપ પ્રમુખ
શ્રી મહેશભાઈ આર. પંડયા - ઉપ પ્રમુખ
શ્રી ડૉ.અનિલભાઈ એ. જોષી - ઉપ પ્રમુખ
શ્રી જીજ્ઞેશભાઈ બી. પંડિત. - મહામંત્રી
શ્રી ડૉ. પ્રશાંતભાઈ પી. જોષી - સહમંત્રી
શ્રી યોગશકુમાર જે. પાઠક. - સહમંત્રી
શ્રી તેજલભાઈ એમ. પંડયા. - સહમંત્રી
શ્રી જયમીનભાઈ જી. પંડ્યા - કોષાધ્યક્ષ
શ્રી દુષ્યંતભાઈ બી. પંડિત. -સહ કોષાધ્યક્ષ
શ્રી રાજેન્દ્રભાઈ એમ.જોષી-સહ કોષાધ્યક્ષ
શ્રી દેશનભાઈ ડી. પંડયા. - ઓડીટર
શ્રી પરેશભાઈ એન. દવે - કા.સભ્ય
શ્રી દક્ષેશભાઈ એમ.પંડયા - કા.સભ્ય
શ્રી હરેશભાઇ એન.પંડ્યા - કા.સભ્ય
શ્રી અજીતભાઈ ટી ઉપાધ્યાય - કા.સભ્ય
શ્રી ઉદયભાઈ એમ.શાસ્ત્રી. - કા.સભ્ય
શ્રી ડૉ.હિરેનભાઈ જે. જોષી - કા.સભ્ય
શ્રી ઉદયભાઈ એન. દિક્ષિત - કા સભ્ય
શ્રી પ્રિતેશભાઈ આર ઉપાધ્યાય- કા.સભ્ય
શ્રી કુન્જલભાઈ એચ.પંડયા - કા.સભ્ય

**સલાહકાર સભ્યો**

શ્રી ડૉ.અતુલભાઈ એ.જોષી
શ્રી નલિનભાઈ એચ. દિક્ષિત
શ્રી હેમંતભાઈ જે. પંડયા
શ્રી રાજેશભાઈ જી. શાસ્ત્રી
શ્રી પુડરીકભાઈ એન. દિક્ષિત
શ્રી ભારદ્વાજભાઈ જે. દવે
શ્રી ભુપેશભાઈ વી. દવે

**ટસ્ટી શ્રી**

શ્રી પ્રધ્યુમનભાઈ બી.જોષી
શ્રી અનિલભાઈ સી. દિક્ષિત
શ્રી ગિરેન્દ્રભાઈ બી.પંડયા

**સમાજ ના બહેનો નું ધટક વનિતા વૃદ**

સુ શ્રી સંવિદાબેન પી. પંડયા. - પ્રમુખ
શ્રીમતિ દામિનીબેન એ. પંડિત -ઉપ પ્રમુખ
શ્રીમતિ સંગીતાબેન એ. પંડ્યા - મંત્રી
શ્રીમતિ ગાગીબેન જે પંડિત -સહમંત્રી

આ ઉપરાંત સમાજ દ્વારા ચાલતી અન્ય યોજના ઓ ની કમીટી ની રચના કરવામાં આવી. ઉપરોક્ત કારોબારી સભ્યો ની મુદત ત્રણ વર્ષની રહશે (તા ૦૧/૦૪/૨૦૨૫ થી તા ૩૧/૦૩/૨૦૨૮)

નવા કારોબારી સભ્યો ને ખુબ ખુબ શુભેચ્છાઓ.

- જીજ્ઞેશ બી.પંડિત, મહામંત્રી

# શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ
# શ્રીપંચગ્રામ શ્રીગૌડ મહાલક્ષ્મીમાતા ટ્રસ્ટ, મહુધા

શ્રીપંચ ગ્રામ શ્રીગૌડ મહાલક્ષ્મી માતાજી મંદિર, મહુધા મુકામે મંદિર ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલ નવા મકાન નું ખાતમુહૂર્ત (મંદિર જીણોધ્ધાર) અખાત્રીજ ના દિવશે રાખવામાં આવેલા છે, આ પ્રસંગે પધારવા હાર્દક આમંત્રણ છે.

**ખાત મુહુર્ત તથા માતાજી ની પુજા**
**દાતા શ્રી ના હસ્તે ખાતમુહૂર્ત રાખેલ છે.**
**શ્રી અનિલભાઈ અંબાલાલ જોષી (આણંદ)**
**શ્રી રજનીભાઈ રમેશભાઈ પાઠક (વડથલ)**

તારીખ ૩૦/૦૪/૨૦૨૫ બુધવાર (અખાત્રીજ)
સમય સવારે ૧૦:૦૦ કલાકે
ભોજન સમારંભ ૧૨:૩૦ કલાકે
(સવારે વહેલાં આવનાર માટે ૯:૩૦ કલાકે ચા- નાસ્તા ની વ્યવસ્થા કરેલ છે)

મંદિરમાં દાન આપનાર દાતાશ્રીઓ,
પંચગામ ના સૌ સભ્યો તથા સમાજ ના સર્વ જ્ઞાતિ બંધુઓને
આ પ્રસંગે પધારવા હાદિક આમંત્રણ છે.

**આ મંદિર ના જીણોધ્ધાર માં દાતા શ્રી તરફથી**

(૧) ૧૧,૧૧,૧૧૧ રૂપિયા - શ્રીમતિ પ્રજ્ઞાબેન અનિલભાઈ જોષી,
હસ્તે ડૉ. અનિલભાઈ અંબાલાલ જોષી (આણંદ)

(૨) ૧૧,૧૧,૧૧૧ રૂપિયા - શ્રી રજનીભાઈ રમેશભાઈ પાઠક પરિવાર, વડથલ
(શિવ સુપર માર્કેટ આધાર મહુધા)

(૩) ૫,૨૫,૦૦૦ રૂપિયા - શ્રી અલ્પેશભાઈ ભિખાભાઈ પટેલ
હસ્તે અજીતભાઈ બી.પંડિત

લી.
મંદિરના ટ્રસ્ટીશ્રી

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| | | | |
|---|---|---|---|
| **કમલેશ પાઠક** | **યોગેશ શુક્લ** | **જયંત જોષી** | **રાજેશ પંડ્યા'રાજ'** |
| **પ્રમુખ** | **મંત્રી** | **ટ્રસ્ટી** | **તંત્રી** |

**ઑફિસ : સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત**

**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.**